પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૧૨/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ માગસર સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૦૦૮


**સુવિચાર**

પ્રેમભરી ભાષા એ જ ધર્મની ખરી ભાષા છે.
જીભને કાબુમાં રાખવી એ માનવીનો સર્વોત્તમ ગુણ છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭







## સૌથી વધુ ટ્રાફિક હોવાથી અવારનવાર અકસ્માતની ઘટના બને છે

# ભાઈ સા'બ : અમરેલી-બાબરા અને ચાવંડ વચ્ચે ફોરલેન માર્ગ બનાવો

નાગેશ્રી-ચોટિલા વચ્ચેનાં માર્ગની જવાબદારી નેશનલ હાઈવે વિભાગે સંભાળી લીધી હોય સૌપ્રથમ અમરેલી-બાબરાને ફોરલેન કરો

અમરેલી પંથકનાં વાહનચાલકો ૧૦ વર્ષથી ફોરલેન માર્ગની માંગ કરે છતાં પણ નેતાઓ સક્રીય બનતા નથી

રાજકોટ-ભાવનગર હાઈવેને જોડતો માર્ગ ફોરલેન બન્યો ત્યારે નેતાઓ જાગૃત બન્યા હોત તો સારૂ હતું

જિલ્લાકક્ષાનાં અમરેલી શહેરને બ્રોડગેજ રેલ્વે, નેશનલ હાઈવે, એફ.એમ. રેડિયો સહિત તમામ સુવિધામાં અન્યાય



પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૯
અમરેલીથી બાબરા અને અમરેલીથી ચાવંડ વચ્ચેનાં ૩૨ થી ૩૪ કિ.મી.નાં બે અલગ-અલગ માર્ગ ઉપર સૌથી વધુ નાના-મોટા વાહનોની અવરજવર હોય અને આ બંને માર્ગો ટુ લેન હોવાથી અવારનવાર અકસ્માતની ઘટના બને છે અને આજે ચિતલ-અમરેલી માર્ગ ઉપર ત્રિપલ સવારી બાઈકને ટ્રકે હડફેટે લેતા ૨ વ્યકિતનાં અકાળે મોત થયાની ઘટના બની છે.
રાજકોટ-ભાવનગર ફોરલેનને જોડતા આ બંને માર્ગોને ફોરલેન બનાવવાની માંગ એક

અનુસંધાન પાના ૬ ઉપર

## થોડા મહિનાથી શરૂ થયેલ ચિંતાજનક ઘટના

# ખાંભાનાં ૪૦ વર્ષનાં યુવકનું વ્હેલી સવારે હાર્ટ એટેકથી નિધન

**સમસ્ત ગામજનોમાં શોકનો માહોલ**

ખાંભા, તા. ૧૯
ખાંભાના ૪૦ વર્ષના યુવાન હરેશભાઈ લાખાભાઈ દવેરાનું વહેલી સવારે હાર્ટ આવવાથી એટેકમાં મૃત્યુ

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી-ચિતલ-બાબરા વચ્ચેનો માર્ગ ફોરલેન બનાવવો જરૂરી

# ચિતલ-અમરેલી માર્ગ ઉપર અજાણ્યા ટ્રકે ત્રિપલ સવારી બાઈકને હડફેટે લેતા સાસુ અને જમાઈનું કમકમાટીભર્યુ મોત

**મૃતકની પત્નીને પણ ગંભીર ઈજાઓ થતાં સારવારમાં ખસેડાઈ**

અમરેલી, તા. ૧૯
બાબરા-ચિત્તલ અને ચિત્તલ-અમરેલી વચ્ચે ઓવર લોડીંગ ટ્રાફીકને કારણે ટૂ-વ્હીલ કે રીક્ષાપર ધોળે દીવસે પણ ચલાવવું મુશ્કેલ બની ગયું છે. દર વરસે ટ્રાફિકને કારણે અકસ્માતોની સંખ્યા દાડે-દિવસે વધી રહી છે. ત્યારે આજે ફરી વહેલીસવારે બાબરા થી મહુવા સીમંતનાં પ્રસંગે

અનુસંધાન પાના ૬ ઉપર




























### પાલિકાનાં શાસકોની બેદરકારી પ્રકાશમાં આવી

# અમરેલીમાં ગંધાતા પાણીનું વિતરણ થતાં શહેરીજનોનાં આરોગ્ય પર ખતરો

## શહેરીજનો પાલિકાની નિષ્ક્રીયતાથી પરેશાન



અમરેલી, તા. ૧૯

એક તરફ સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવે છે વડાપ્રધાન મોદી સ્વચ્છતા અભિયાન પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરે છે. તો બીજી તરફ અમરેલી જિલ્લામાં રોગચાળાએ માથું ઊંચકયું છે ત્યારે સ્થાનિક નગરપાલિકા દ્વારા રોગચાળાને નાથવા માટે શહેરભરમાં દવાનો છંટકાવ તથા શુધ્ધ પીવાનું પાણી આપવાની જવાબદારી છે. ત્યારે પાલિકા દ્વારા ગટરમાં હોય તેવું બદબુ મારતું પાણીનું વિતરણ કરતું હોય અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ શિવપાર્ક સોસાયટી તથા શ્રીરંગ સોસાયટીમાં રહેતા લોકો ગંધાતા પાણીથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અને આગામી બે દિવસમાં શુધ્ધ પાણી આ વિસ્તારમાં નહીં અપાય તો ચીફ આફીસસરને ઉગ્ર રજૂઆત કરવામાં આવશે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ અમરેલીનાં ચિતલ રોડ ઉપર આવેલ શિવપાર્ક સોસાયટી તથા શ્રીરંગ સોસાયટીમાં રહેતા લોકોને પાલિકા દ્વારા પીવાનું પાણીનું જે વિતરણ થઈ રહયું છે તે પાણીની પાઈપ લાઈનમાં કોઈ જગ્યાએ ગટરનું પાણી ભળી જતું હોય, જેને લઈ અમરેલી પાલિકા દ્વારા ઠેકાણા વગરના ગમે તે સમયે થઈ રહેલ પીવાના પાણીમાં કદડા જેવું ગંધાતું પાણી વિતરણ થઈ રહ્યું હોય, ત્યારે આ વિસ્તારમાં વસતાં અને અમરેલી પાલિકાને લાખો રૂપિયાનો પાણી માટેનો વેરો ભરતા લોકો આ પાણી પીવા મજબુર બનતા હોય ત્યારે આ વિસ્તારના લોકો પાલિકાના અણઘડ વહીવટથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અને આગામી બે દિવસમાં પીવાનું શુધ્ધ પાણી આ વિસ્તારમાં નહીં અપાય તો ચીફઆફીસરને ઉગ્ર રજૂઆત કરવામાં આવશે.

# શિક્ષણવિદ, પત્રકાર, લેખક તખુભાઈ સાંડસુરનાં માતૃશ્રી લાડુબાનું નિધન



અમરેલી, તા. ૧૯

શિક્ષણવિદ, પત્રકાર તખુભાઈ સાંડસુરના માતૃશ્રી લાડુબા આલાભાઈ ઉમર વર્ષ ૯૪નુ જૈફ વયે પોતાના પૈત્રિક વતન વેળાવદર તા. ગારીયાધાર ખાતે તા. ૧૯/૧૨ ના નિધન થયું. તેઓનું બેસણું તા. ૨૧/૧૨ તથા ૨૩/૧૨ ના દરબારગઢ વેળાવદર ખાતે તથા ઉતરક્રિયા ૨૯/૧૨/૨૦૨૩ ના રોજ રાખેલ છે.

### એકાદ વર્ષ પહેલા થયેલ હત્યા કેસ બાબતે

# સાવરકુંડલાનાં ગાધકડા ગામનાં પ્રૌઢને માર્ગ પર અટકાવીને ધમકી આપી

## પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૯

આજથી આશરે એકદા વર્ષ પહેલા સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રહેતા નાથાભાઈ જાદવભાઈ વાઘેલાના દીકરા રવીના મર્ડર કેસમાં સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રહેતા પરશોતમભાઈ બચુભાઈ ગોહીલ નામના ૫૫ વર્ષિય પ્રૌઢના દીકરા હસમુખભાઈ વિરૂધ્ધ ફરિયાદ થયેલ હોય. જે બાબતનું મનદુઃખ રાખી આરોપી નાથાભાઈ જાદવભાઈ વાઘેલા, લીલીબેન નાથાભાઈ વાઘેલાએ પોતાનું મોટર સાયકલ પ્રૌઢ ની ફોર વ્હીલ ગાડીની સાઈડ કાપી આડી ઉભી રાખી આરોપીએ પ્રૌઢને ગાળો આપી ફોર વ્હીલ ગાડી પર છુટા પથ્થરાના ઘા કરી આગળનો કાચ તોડી નુકસાન કરી તથા પ્રૌઢને જેમફાવે તેમ ગાળો આપી પથ્થરના ઘા કરી ફોર વ્હીલ ગાડીમાં ડ્રાઈવર સાઈડમાં દરવાજે ઘોબો પાડી દઈ નુકસાન કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં સામાપક્ષે લીલીબેન નાથાભાઈ જાદવભાઈ વાઘેલાએ પણ સામાવાળા હસમુખભાઈ પરશોતમભાઈ ગોહીલ, દામજીભાઈ રાઘવભાઈ ગોહીલ તથા પરશોતમભાઈ બચુભાઈ ગોહીલ વિગેરે ફોરવ્હીલ ઈન્ડીકા ગાડી લઈ આવી વિજયાનગર ગામ પાસે મહિલા તથા તેણીના પતિ સાહેદને મોટર સાયકલ ઉભુ રખાવી જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર તથા છરી બતાવી સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી જમણા હાથે ઈજા કર્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.

# સા.કુંડલા ખાતે યોજાયેલ વિજ્ઞાન મેળામાં ૪૦ થી વધારે કૃતિઓ રજૂ



સાવરકુંડલા, તા. ૧૯

નૂતનકેળવણી મંડળના સહયોગથી ચલાવવામાં આવતા ઘેલાણી ટેકનિકલ વિભાગમાં ચાણકય ટયુશનના ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો દ્વારા વિજ્ઞાન મેળામાં ખુબજ ઉત્કૃષ્ટ અને વિજ્ઞાનક અભિગમને રજુ કરતી ૪૦થી પણ વધારે કૃતિઓ બનાવવામાં આવી હતી. જેમાં જવાળામુખી કેન્દ્ર, ચંદ્રયાન, સોલાર લાઈટ પેનલ, પવનચક્કી, પાચનક્રિયા અને સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહના ધોરણ ૯ નાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ જેસીબી મશીનની કાર્યપદ્ધતિ જેવા મોડલ ધ્યાન આકર્ષક બન્યા હતા. જેની તસવીર અહીં દ્રશ્યમાન થાય છે. આ વિજ્ઞાન મેળાની મુલાકાતે નૂતન કેળવણી મંડળ ના ટ્રસ્ટીઓ હાજર રહ્યાં હતા. જેમાં જયંતિભાઈ વાટલિયા, કનુભાઈ ગેડીયા, વિનુભાઈ રાવળ ઉપસ્થિત રહ્યાં હતા. સાવરકુંડલાના શિક્ષીત લોકો તેમજ ગણિત વિજ્ઞાનના શિક્ષકો તેમજ અન્ય શિક્ષકો જેમાં તૃપ્તિબેન, હિતેષભાઈ, રવિભાઈ મહેતા, સંજયભાઈ, શૈલેષભાઇ તથા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતા. સમગ્ર વિજ્ઞાનમેળાની સફળતાની શુભકામનાઓ ચંદ્રિકાબેન કામદાર અને મુકુન્દભાઈ (નૂતન કેળવણી મંડળ ) એ આપી હતી તેમજ એક થી ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ આપી બિરદાવ્યા હતા. આ વિજ્ઞાન મેળાને સફળ બનાવવા માટે ચાણકય ટ્યુશન કલાસીસના સંચાલક જેસીંગભાઈ જીતિયા તેમજ સમગ્ર ટીમે ખુબજ જહેમત કરી હતી.

### જંગલ છોડી સિંહ શેરીઓમાં પહોંચ્યા

# ધારીનાં લાઈનપરામાં એકી સાથે પાંચ સિંહોએ લટાર મારતા ફફડાટ

## ગામજનોએ ઘરનાં દરવાજા બંધ કરી દીધા

અમરેલી, તા.૧૯

દક્ષિણ સૌરાષ્ટ્રનાં જિલ્લામાં સિંહનો વસવાટ છે. સિંહ સહિતનાં વન્ય પ્રાણીઓ ગામડાઓ સુધી પહોચી ગયા છે. શિકારની શોધમાં રાત્રીનાં ગામડાની ગલીઓમાં સિંહ ફરતા જોવા મળે છે. તેમજ ગામમાં સિંહ આવી ચઢયાનાં વીડિયો વાયરલ થતા રહે છે. ધારીમાં આવેલ લાઈન પરામાં ૫ સિંહ આવતા ફફડાટ ફેલાયો હતો. અહીંનો વીડિયો વાયરલ થયો હતો. ગીર વિસ્તારમાં આવેલા ધારી શહેરની હદ વિસ્તારમાં આવેલ લાઈન પરા વિસ્તારમાં રાત્રીના સમયે એક સિંહ પરિવાર શિકારની શોધમાં આવ્યો હતો.શેરીમાં ૫ સિંહ આવતા લોકોએ દરવાજા બંધ કરવાની બૂમાબૂમ કરી હતી. આ સમગ્ર ઘટના સ્થાનિક વ્યક્તિએ કેમેરામાં કેદ કરી લીધી હતી. ધારી શહેર ધમધતુ શહેર છે, છતાં શહેરમાં આવેલ લાઈન પરા વિસ્તારમાં અવારનવાર શિકારની શોધમાં સિંહ આવતા હોય છે. ત્યારે વધુ એક વખત રેવન્યુ વિસ્તારમાં સિંહ શિકારની શોધમાં આવ્યા હતો. શિકારની શોધમાં સિંહ આવતા લાઈન પરા વિસ્તારમાં રખડતા પશુઓમાં દોડધામ મચી ગઈ હતી. અમરેલી, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સિંહ પરિવાર લટાર મારતા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. તેમજ શિકારની ઘટનાઓ પણ સામે આવતી હોય છે. સિંહ જંગલનાં સીમાડા વટાવીને ગામડા સુધી પહોચી ગયા છે અને પશુઓનો શિકાર કરતા હોય છે. આ વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થાય છે.

### પ્રદેશ કોંગી પ્રવકતા ડો. દોશીનું નિવેદન

# ગુજરાતમાં ભાજપ અનૈતિક કાવાદાવા કરીને વિપક્ષી ધારાસભ્યોને તોડી રહી છે

## જનહિતમાં કાર્યો કરવાની ભાજપને ચિંતા જ નથી

અમદાવાદ, તા. ૧૯

ચૂંટાયેલ ધારાસભ્યને યેનકેન પ્રકારે તોડવાની ભાજપાની નિતિ લોકતંત્ર માટે ખતરનાક સાબિત થઈ રહી છે ત્યારે, ભાજપાની અનૈતિક અને ગેરલોકતાંત્રિક પ્રવૃત્તિ પર આકરા પ્રહાર કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, લોકશાહીની પ્રણાલીને સુદ્રઢ કરવાની જગ્યાએ કેમ કરીને લોકશાહીનાં પાયાને હચમચાવી નાખવાનું અને ધોળે દહાડે હત્યા સમાન કૃત્ય–ખરીદ વેંચાણ સંઘ ભાજપા દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં ભાજપ દ્વારા ધાક–ધમકી, લોભ–લાલચ જેવા હથકંડાઓ અપનાવીને ધારાસભ્યોને તોડવામાં આવી રહ્યાં છે. તેવા સમયમાં વ્યકિતગત મહત્વકાંક્ષા, આર્થિક લાભોની સામે ગાંધી વિચારધારા–સિધ્ધાંતોને નેવે મુકનાર લોકોને ગુજરાતની જનતા જોઈ રહી છે. પક્ષદ્રોહ અને તેનાથી પણ વધુ પ્રજાદ્રોહ કરનાર ધારાસભ્યને જનતાનાં જનમતનું અપમાન કર્યુ છે. જો ખરેખર ભાજપ સરકારે પ્રજાલક્ષી કામગીરી કરી હોત તો કોંગ્રેસમાંથી ઉછીના નેતા લેવાની જરૂર ન પડત.

આસમાને મોંઘવારી અને બેરોજગારી સમસ્યામાં જનતાને રાહત આપવાને બદલે માત્રને માત્ર વિપક્ષનાં ધારાસભ્યોને તોડવા માટે જે અનૈતિક કાવાદાવા થઈ રહ્યાં છે તે ગાંધી સરદારનાં ગુજરાત માટે અતિ ચિંતાજનક છે.

# હરિપુરા પ્રાથમિક શાળામાં સૂર્યનમસ્કાર સ્પર્ધા યોજાઈ



અમરેલી, તા. ૧૯

શ્રી હરિપુરા પ્રાથમિક શાળામાં ગુજરાત રાજય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત સૂર્યનમસ્કાર સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮નાં બાળકો તથા સ્ટાફ મિત્રોએ ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધાનાં કન્વીનર હિમાંશુભાઈ જોષીએ બાળકોને સ્પર્ધા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શાળાનાં આચાર્ય જેસીંગભાઈ એ.ચાવડા તથા જીતેન્દ્રભાઈ જે. દવે, કલ્પેશભાઈ બી. કાબરીયા પણ સ્પર્ધામાં જોડાયા હતા.

# બગસરા સહકારી મંડળી શાખા ધારી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા


બગસરા, તા. ૧૯


શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. શાખા ધારીનાં સભાસદ સ્વ. મહેશભાઈ પ્રભુદાસભાઈ સવાણીનું આકસ્મિક અવસાન થતાં તેમના વારસદારોને મંડળી તરફથી ''બાજપાઈ સહાય નિધિ''ની રકમ રૂપિયા ૨૫૦૦૦/–નો ચેક અર્પણ કરવામાં, આ વેળાએ શાખા એમ.ડી. કેતનભાઈ ધકાણ, ડીરેકટર વિનુભાઈ પટોળીયા, શાખા સેક્રેટરી વિજય ચાવડા, હેડ કલાર્ક ધવલ નાંઢા સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાં આવેલ.

### સાંસદે ઉઠાવેલ જહેમત રંગ લાવી

# સાવરકુંડલા–જેસર–પાલીતાણા માર્ગ માટે રૂપિયા ૨૨ કરોડ મંજૂર

## વાહનચાલકોમાં ખુશીનો માહોલ છવાયો







અમરેલી, તા. ૧૯

અમરેલી અને ભાવનગર જિલ્લાને જોડતા સાવરકુંડલા–જેસર–પાલીતાણા રોડના નવીનીકરણ/ રીસરફેસીંગ તેમજ વાઈડનીંગના કામ માટે ગુજરાત સરકારના પબ્લીક વર્ક ડીપાર્ટમોન્ટ (પીડબલ્યુડી) ધ્વારા ભારત સરકારના સડક પરીવહન અને રાજમાર્ગ મંત્રાલય સમક્ષ આ રોડ સહ કુલ ૩૩ રસ્તાઓના કામ માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને ભારત સરકાર ધ્વારા સાવરકુંડલા– જેસર–પાલીતાણા (કિ.મી. ૪૪/૦૦ થી ૮૦/૦૦) રોડ માટે રૂા. ૨૨ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરવામાં આવેલ છે.

જે બદલ સાંસદ નારણભાઈ કાછડીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય સડક પરીવહન અને રાજમાર્ગ મંત્રી નીતિનભાઈ ગડકરી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યકત કરેલ છે.

# નાના ભંડારીયા અને માંગવાપાળમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉષ્માભેર સ્વાગત









વિકસિત ભારતના નિર્માણના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી વિકાસ યાત્રામાં છેવાડાના અંતિમ માનવી સુધી કેન્દ્ર અને રાજય સરકારની જન કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવા માટે સમગ્ર દેશમાં પરિભ્રમણ કરી રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું અમરેલી તાલુકાના નાના ભંડારીયા અને માંગવાપાળમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને ઉષ્માભેર સ્વાગત થયું હતું. આ કાર્યક્રમ દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓનો સ્થળ પર લાભ તેમજ માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે લાભાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો 'મેરી કહાની મેરી ઝુબાની'માં વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના માધ્યમથી સ્થળ પર આયુષમાનકાર્ડનું વિતરણ, તેજસ્વી વિદ્યાર્થીઓ, મહિલાઓ સહિત વ્યક્તિ વિશેષનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંદેશને ડિજિટલ માધ્યમથી ગ્રામજનોએ સાંભળ્યો હતો. નાના ભંડારીયા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સંબોધન કરતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી – કુંકાવાવ – વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યુ હતુ કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા સમગ્ર દેશમાં પરિભ્રમણ કરી રહી છે. આ યાત્રા દ્વારા સરકારની જન કલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી લઈ જવાની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નેમ છે. આયુષમાન ભારતએ વડાપ્રધાનની પ્રેરણાથી શરૂ થયેલી એવી સ્વાસ્થ્ય કવચ યોજના છે જેમાં લાભાર્થીએ પ્રીમિયમની રકમ ભર્યા વગર તેને રૂા.૦૫ લાખ સુધીનો આરોગ્ય વિષયક લાભ મળતો હતો, આ કડીમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂા.૦૫ લાખનું કવચ વધારીને રૂા.૧૦ લાખનો લાભ નાગરિકોને આપ્યો છે, રાજય સરકારના આ નિર્ણયને આવકારી આ નિર્ણય બદલ મુખ્યમંત્રીનું શાબ્દિક અભિવાદન પણ તેમણે કર્યુ હતુ. તેમણે ઉમેર્યુ કે,વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગેરેંટી સાથેનો આ રથ ગામડે – ગામડે પરિભ્રમણ કરી રહ્યો છે. અધિકારીઓની ઉપસ્થિતિમાં સ્થળ પર જ યોજનાઓની માહિતી અને લાભ આપવામાં આવી રહ્યો છે ત્યારે સૌ ગ્રામજનો વધુમાં વધુ સંખ્યામાં તેનો લાભ મેળવે તેવો અનુરોધ પણ તેમણે કર્યો હતો. કોરોના કાળથી સરકારે નિઃશુલ્ક રાશન વિતરણ શરૂ કરવામાં આવી છે,આ યોજનાનો લાભ ૮૦ કરોડ નાગરિકોને મળી રહ્યો છે. વડાપ્રધાનના નેતૃત્વમાં આ યોજના આગામી ૦૫ વર્ષ માટે લંબાવવામાં આવી છે.છેવાડાના માનવીને ઘરનું ઘર આપવાની યોજના સહિત વિવિધ ક્ષેત્રમાં પ્રતિબદ્ધ થઈ સરકાર દ્વારા યોજનાકીય લાભો નાગરિકોને પહોચાડવામાં આવી રહ્યા છે. કાર્યક્રમના પ્રારંભે પ્રવિણભાઈ માંગરોળીયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતુ. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાકૃતિક કૃષિનો સંદેશો આપતું નાટક 'ધરતી કરે પુકાર' રજૂ કરવામાં આવ્યું હતું. કૃષિ ડ્રોન દ્વારા દવાના છંટકાવનું નિદર્શન પણ આ તકે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ, વિવિધ સમિતિના સભ્યો, ગામના સરપંચ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, વિવિધ વિભાગના અધિકારીઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## એક જાગૃત નાગરિકે નાયબ દંડક કૌશિક વેકરિયાને વેદનાપત્ર પાઠવ્યો

# અમરેલીની સિટી સર્વે કચેરીમાં બેફામ ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ

### પેધી ગયેલ કર્મચારીઓ અરજદારોનાં સાચા કાર્ય કરવા માટે પણ તગડી રકમની માંગ કરતાં હોવાનો આક્ષેપ

### જો કોઈ અરજદાર લાંચની રકમની ના પાડે તો લાલચુ કર્મચારી કામને ટલ્લે ચડાવી દે છે

### કચેરીનાં તમામ કર્મચારીઓની મિલ્કતની તપાસ કરવામાં આવે તો સત્ય હકીકત બહાર આવે

### ૧૫ દિવસમાં ભ્રષ્ટ કર્મીઓ વિરૂધ્ધ કાર્યવાહી ન થાય તો આંદોલનની ચીમકી

અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરમાં આવેલ સીટી સર્વે ઓફિસમાં હાલમાં બદલી થઈને આવે કર્મચારીઓ જે ભુતકાળ માં અમરેલીમાં જ ફરજ બજાવતા હતા ત્યારે તેમણે અનેક કૌભાંડો કરેલ હતા. ત્યારે તેમના વિરૂધ્ધ પુરાવા સાથે અરજીઓ થયેલ જેથી તેમની તુરંત બદલી કરવામાં આવેલ.

હવે ફરીવાર આ જ જગ્યા ઉપર બદલી થઈને આવેલ છે અને આવતાવેત તુરંત પૈસા લેવાનું શરૂ કરેલ છે. આ ભાઈ તો પૈસા લેવાનું ચાલુ કરેલ છે તેની સાથે અહી અન્ય કર્મચારીએ પણ પૈસા લેવાનું ચાલું કરેલ છે અને બધાનો વહીવટ એક વ્યકિત કરે છે તે બધા જ જાણે છે. સીટી સર્વે ઓફિસનું કામ હોય તો પહેલા તે વ્યકિતને મળ વાનું જે વોર્ડમાં કામ હોય તે વોર્ડના કર્મચારી પાસે અરજદારને લઈ જાય અને ત્યાં કામ જોઈને પૈસાનું નકકી થાય.

વેચાણ દસ્તાવેજ હોય તો નોંધ પાડવાના રૂા. ૧૫૦૦, વારસાઈ નોંધ પાડવાના રૂા. ૨૫૦૦, એકત્રીકરણ કરવાના રૂા. ૧,૫૦,૦૦૦, માપણી કરવાના રૂા. ૧૨૦૦ આવી રીતે જે કામ હોય તે મુજબ પૈસા આપવા પડે છે. જો પૈસા ન આપો તો ગમે તે બ્હાનું કરીને અરજદારની અરજી પરત મોકલવામાં આવે છે. ભુતકાળમાં જયારે હતા ત્યારે એકત્રીકરણ કરવાના રૂા. ૨,૫૦,૦૦૦ લીધેલ અને આ જગ્યા નાગનાથ પાસે આવેલ છે. તેની નગરપાલિકાના ખોટા નકશા તથા રજાચીઠ્ઠી હોવા છતાં એ નોંધ કરી આપેલ તે વાત ઉપલા અધિકારીનાં કાને આવતા તેમની બદલી થયેલ ત્યાં પણ આક્ષેપ થતાં તેમની દલી થયેલ અને હાલમાં ત્યાં પણ આક્ષેપ થતાં તેમની બદલી અમરેલી કરવામાં આવેલ છે. તે અરજદારને એવું કહે છે કે મેં પૈસા દલને અમરેલી બદલી કરાવેલ છે તેથી હું કામ કરવાના પૈસા લઈશ, તમારે જે કરવું હોય તે કરો. જેથી અરજદારો પણ કાંઈ બોલી શકતા નથી. જો વિરોધ કરે તો અરજદારનું કામ થાય નહીં. જેથી અરજદારો નાછુટકે પૈસા આપીને કામ કરાવે છે અને આ બધા પૈસા કર્મચારીઓ અરજદારો પાસેથી બેફામ રીતે પૈસા પડાવે છે તેમજ એક વ્યકિત કોઈપણ નકલ આપવાના તેમજ એસઆઈ કેસ કે નકશાની નકલ દેવાના રૂા. ૧,૦૦૦ જેવી પહોંચ ઉપરાંત વધારાના પૈસા પડાવે છે તેમજ અરજદારોને નોંધ પડાવવા આપતા કાગળોમાં જો "ટ્રુ કોપી" ના સીકકા ન હોય તો અરજદારોને એવું કહે છે કે હું સિકકા મરાવી દઈશ તમારે આવા સીકકા મારવાના મને રૂા. ૧૫૦૦ આપવા પડશે. જો કોઈ અરજદારો ના પાડે તો આવા અરજદારોની અરજી કેન્સલ કરાવે છે અને તેવા અરજદારને હેરાન કરે છે તેમજ આ વ્યકિત જે તે વોર્ડના કર્મચારી પાસે ખોટી નોંધ પડાવે છે. જેથી અરજદારોને ફરજીયાત પ્રાંત ઓફિસમાં અપીલ કરવી પડે. વારસાઈ નોંધ કરાવવી હોય તો જો કોઈ અરજદાર પાસે મરણના દાખલા ન હોય તો એક મરણના દાખલાનાં રૂા. ૫૦૦૦ લેવામાં આવે છે. કોઈ અરજદાર જયારે વારસાઈ નોંધ કરાવવા આવે ત્યારે અરજદાર પાસે જુના મરણના દાખલા હોય તો એવું કહે છે કે જુના દાખલા ન ચાલે તેમ કહીને અરજદાર પાસે પૈસા પડાવે છે.

છેલ્લા છ મહિનામાં આવેલ મરણના દાખલા સાચ છે કે ખોટા તેની પણ તપાસ થવી જોઈએ. કારણ કે ભુતકાળમાં આજ કર્મચારીઓએ ખોટા મરણના દાખલા બનાવીને નોંધ પાડવામાં આવેલ હતી તેમજ જે દસ્તાવેજમાં તેમજ કોઈપણ ડોકયુમેન્ટમાં "ટ્રુ કોપી" ના સીકકા મારવામાં આવેલ હોય તે સીકકા સાચા છે કે ખોટા તેની પણ તપાસ કરવામાં આવે તો આ ઓફિસમાં ચાલતા અનેક કૌભાંડો બહાર આવશે.

આ ઓફિસની તપાસ સીઆઈડીના અધિકારી મારફત કરવામાં આવે તો જ સાચી તપાસ થશે. તો તાત્કાલીક ભ્રષ્ટ કર્મીને સસ્પેન્ડ કરવામાં આવે તો જ આ ઓફિસનો ભ્રષ્ટાચાર બંધ થશે તેમજ આ બધાના બેન્ક ખાતાઓ, મીલ્કતની તપાસ પણ કરવામાં આવે સાથે નીચે બેસતા સારા કર્મચારીઓની પણ તપાસ કરવામાં આવે જેઓએ ભુતકાળમાં ઘણા જ કૌભાંડો કરેલ છે અને પહેલા તો આ બધાની જિલ્લાફેર બદલી કરવામાં આવે.

જો ૧૫ દિવસમાં આ કર્મચારીઓ વિરૂધ્ધ પગલા ભરવામાં નહીં આવે તો નાછુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવું પડશે તેમજ સીટી સર્વે ઓફિસમાં ઉપવાસ આંદોલન કરીશું અને અમને કાંઈપણ થશે તો તેની બધી જ જવાબદારી આ કર્મચારીઓની રહેશે તેમ અંતમાં જણાવેલ છે.

## સાવરકુંડલા મામલતદાર કચેરીમાં ત્રણ ત્રણ મહિના સુધી રેશનકાર્ડ શરૂ થતાં નથી

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા શહેર મામલતદાર કચેરીમાં જનતા પોતાના રેશન કાર્ડ શરૂ કરવા માટે આજથી ત્રણ મહિના જેવા સમય આસપાસ અરજી અને સાથે ડોકયુમેન્ટ પણ આપ્યા છે છતાં પણ આજદી સુધીમાં અરજદારોના રેશનકાર્ડ શરૂ કરવા આવેલ નથી. ત્રણ ત્રણ માસ જેવા લાંબાસમય સુધી સામાન્ય રેશનકાર્ડ શરૂ ન થાય તે કેટલી ધીમી ગતિ એ કામગીરી કરતા હશે મામલતદાર કચેરી ના કર્મચારીઓ. સરકાર દ્વારા આપવામાં આવતા અનાજ લેવા માટે ગરીબ માણસો રેશનકાર્ડ શરૂ કરાવવા માટે મામલતદાર કચેરી માં ધક્કા ઓ ખાતા હોય છે પરંતુ જનતા રેશનકાર્ડ શરૂ થવામાં ખૂબ વિલંબ થઈ રહ્યો છે અને કાર્ડ શરૂ થઈ જશે તેવા માત્ર મીઠા જવાબ જનતાને મળી રહ્યા છે પરંતુ નક્કર પરિણામ આવતું નથી. એક સામાન્ય રેશનકાર્ડ શરૂ કરવામાં ત્રણ ત્રણ મહિના જેવો સમય શા માટે કરવામાં આવે છે તેવા વેધક સવાલો ઉઠવા લાગ્યા છે હવે જિલ્લાના અધિકારીઓ સાવરકુંડલા મામલતદાર કચેરીઓમાં જનતાના હિતાર્થ ધ્યાન આપે તેવી જનતામાંથી પ્રબળ માગ ઉઠવા પામી છે. વાયબ્રન્ટ અને વિકાસશીલ ગુજરાતમાં જનતા સામાન્ય કહી શકાય તેવા રેશનકાર્ડ શરૂ કરવામાં ત્રણ ત્રણ માસ લાગે જય જય ગરવી ગુજરાત.

### ગદ્ય સાહિત સભા તથા સંવાદ દ્વારા

## અમરેલી ખાતે સાહિત્યકાર ગણપતભાઈ ઉપાધ્યાયને શબ્દાંજલિ અર્પિત થઈ

### પ્રતિનિધિ સર્જકો, કલાકારોની ભાવમય ઉપસ્થિતિ

અમરેલી, તા. ૧૯

ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર, ગદ્ય સાહિત્ય સભા અમરેલીના પ્રમુખ 'છાલક' સામયિકના તંત્રી સ્વ. ગણપતભાઈ ઉપાધ્યાયને અમરેલીની જાણીતી સાહિત્ય સંસ્થાઓ ગદ્ય સાહિત્ય સભા અને સંવાદ અમરેલી દ્વારા શબ્દાંજલિ અર્પિત કરવા માટે તારીખ ૧૭/૧૨/૨૦૨૩ને રવિવારે જીવન તીર્થ વિદ્યાલય અમરેલી ખાતે અમરેલી પંથકના પ્રતિનિધિ સર્જકો–ભાવકોની બેઠક મળી હતી.





જાણીતા વાર્તાકાર ગોરધનભાઈ ભેંસાણીયાના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં પ્રારંભે સંવાદના સંયોજક પરેશ મહેતાએ પૂર્વ ભૂમિકામાં જણાવ્યું હતુ કે, આ કોઈ શોકસભા નથી પરંતુ આપણા અમરેલી જિલ્લાના ગૌરવ સમાન સાક્ષરવર્ય ગણપતભાઈ ઉપાધ્યાયની સાહિત્ય યાત્રા, તેમની સાથેના સ્મરણો વાગોળીને ભાવસમૃધ્ધ થવાનો ઉપક્રમ છે.

ગણપત દાદા સાથેના સાહિત્ય ક્ષેત્રે, છાલક સામયિકના તેમની સંપાદન સજજતા , ગદ્ય સાહિત્ય સભામાં લેખકોનું ઘડતર, કલા જગતની સાર્વજનિક ઓળખ, છ દાયકાની સર્જન યાત્રાનું ભાવ વિ વગેરે અંગે સર્જકો સર્વ ગોરધનભાઈ ભેંસાણીયા, વાસુદેવ સોઢા, ઉમેશ જોષી, ડો. કાલિન્દી પરીખ, ઉદય દેસાઈ, મુકેશ દવે, પરેશ મહેતા, રંગકર્મી જસ્મીન જોષી, ચિત્રકાર જે.પી. પડાયા સહિતનાએ લાગણીમય અભિવ્યકિત રજૂ કરી હતી. ગણપતદાદાની ટુંકી વાર્તાનું પઠન લેખિકા વર્ષાબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપાધ્યાય પરિવાર વતી ભરત ઉપાધ્યાય એ આભારની લાગણી વ્યકત કરી હતી.

આ પ્રસંગે સર્વ મુકેશ જોગી , ગોપાલ ધકાણ, ઉમેશ ચાવડા, જગદીશ મહેતા વગેરે હાજર રહ્યા હતા તેમજ કવિ હર્ષદ ચંદારાણા, ભરત વિંઝુડા, કેતન જોષી, હસમુખ બોરાનીયા, સંજીવ ધારૈયા, ચેતનાબેન બાજક, ફિરોઝ હસ્નાની, કેતન કાનપરિયાએ ભાવ સંદેશ પાઠવ્યા હતા તેમજ ગણપતભાઈ ઉપાધ્યાયના સમગ્ર સર્જનનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતુ.

બેઠકનું સંચાલન પરેશ મહેતાએ કર્યુ હતુ. બેઠકનું વ્યવસ્થા સૌજન્ય વાસુદેવ સોઢા, ભરત ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી.

## કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈ પાકનાં રક્ષણ માટે સાવચેતીનાં પગલા ભરવા અનુરોધ

અમરેલી, તા. ૧૯

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને આગામી સમયમાં રાજયનાં કેટલાક જિલ્લાઓમાં પવન સાથે છુટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ હોય અને વરસાદ થવાની સંભાવનાઓને અનુલક્ષીને ખેડૂતોએ પાકનાં રક્ષણ માટે સાવચેતીનાં પગલા ભરવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કમોસમી વરસાદથી પાકને થતી નુકસાનીથી બચાવવા માટે ખેડૂતોએ ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલો પાક ખુલ્લો હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલા નીચે જતું અટકાવવું. ખેડૂતોએ આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળવો જોઈએ. ખાતર અને બિયારણનાં વિક્રેતાઓએ જથ્થો પલળે નહીં તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો જોઈએ. વેપારી અને ખેડૂતોએ એ.પી.એમ.સી.માં સાચવેલા ઉત્પાદનની કાળજી રાખવા માટે સાવચેતીનાં પગલા લેવા આવશ્યક છે. એ.પી.એમ.સી.માં વેંચાણ અર્થે આવતી ખેત પેદાશોને અન્ય સ્થળે મોકલી સ્થળાંતર કરવાનું ટાળવું અથવા યોગ્ય રીતે સાચવી સુરક્ષિત રાખવી.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારનાં ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક તાલીમ, કેવીકે, અથવા કિસાન કોલ સેન્ટરનાં ટોલ ફ્રી નંબર–૧૮૦૦૧૮૦૧૫૫૧ પર સંપર્ક કરવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.
































### સંસદી સુરક્ષામાં ચૂક મામલે રાજકારણમાં ભારે ગરમાવો

# સંસદમાંથી વધુ ૪૯ સાંસદો સહિત કુલ ૧૪૧ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા

## સોમવારે સંસદમાંથી રેકોર્ડ ૭૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા ત્યાર પછી મંગળવારે વધુ ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરાયા

નવી દિલ્હી, તા.૧૯

સંસદમાં અત્યારે સત્તાપક્ષ અને વિરોધપક્ષો વચ્ચે જોરદાર ધમાલ ચાલી રહી છે જેમાં વિપક્ષના સાંસદો સામે સસ્પેન્શનનું હથિયાર ઉગાવવામાં આવ્યું છે. આજે લોકસભામાંથી વિપક્ષના ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ સાથે જ આ વખતે સસ્પેન્ડ થયેલા સાંસદોની સંખ્યા ૧૪૧ સુધી પહોંચી ગઈ છે. તેમાં રાજ્યસભા અને લોકસભા બંનેના સભ્યોનો સમાવેશ થાય છે.

ગયા અઠવાડિયે સંસદભવનમાં બે લોકો ગેરકાયદે ઘૂસી આવ્યા હતા અને સુરક્ષા વ્યવસ્થાનો ભંગ કર્યો હતો. આ મામલે ગૃહમંત્રી અમિત શાહ નિવેદન આપે તેવી માંગણી કરીને વિપક્ષોએ હંગામો મચાવ્યો છે. કેટલાક સભ્યો અમિત શાહના રાજીનામાની માંગણી કરે છે તેથી સંસદના બંને ગૃહોમાંથી સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવી રહ્યા છે. આ લોકો આખા સત્ર દરમિયાન સંસદમાં આવી નહીં શકે.

સોમવારે સંસદમાંથી ૭૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જે એક રેકોર્ડ હતો. ત્યાર પછી આજે વધુ ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરાયા છે. તેના કારણે હવે સંસદમાં વિરોધપક્ષના સાંસદોની કોઈ શક્તિ જ રહી નથી. તમામ સાંસદોને તેમની ગેરવર્તણૂકના કારણોસર ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગૃહમાંથી સસ્પેન્ડ થયા પછી સાંસદોએ બહાર ઉભા રહીને સરકાર વિરુદ્ધ નારેબાજી કરી હતી. તેમનું કહેવું છે કે સરકાર વિરોધપક્ષોની વાત સાંભળતી નથી અને સરમુખત્યારશાહી ચલાવે છે. સસ્પેન્ડ થયેલા સાંસદોમાં કોંગ્રેસના શશી થરૂર, મનીષ તિવારી અને કાર્તિ ચિદમ્બરમ, એનસીપીના સુપ્રીયા સૂળે, સમાજવાદી પાર્ટીના ડિમ્પલ યાદવ, તૃણમુલ કોંગ્રેસના સુદીપ બંદોપાધ્યાય સામેલ છે. કેન્દ્રિય મંત્રી અર્જુન રામ મેઘવાલ આ સાંસદોને સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ લાવ્યા હતા અને પછી બધાને આખા સત્ર માટે સસ્પેન્ડ કરી દેવાયા હતા.

નીચલા ગૃહમાં સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે સંસદમાં પ્લેકાર્ડ લઈને નહીં આવવાનું નક્કી કરવામાં આવ્યું હતું છતાં પ્લેકાર્ડ લાવવામાં આવ્યા હતા. તાજેતરની ચૂંટણી હાર્યા પછી હતાશાના કારણે તેઓ આવા પગલાં લઈ રહ્યા છે. તેના કારણે અમે આ દરખાસ્ત લાવ્યા છીએ.

આ સાથે જ હવે સંસદમાંથી કુલ ૧૪૧ સાંસદો સસ્પેન્ડ થઈ ગયા છે. સોમવારે લોકસભાના ૪૬ અને રાજ્યસભાના ૪૫ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કેટલાક સાંસદો વિરુદ્ધ પ્રિવિલેજ કમિટી દ્વારા તપાસ કરવામાં આવશે. નવી સંસદના ચાલુ શિયાળુ સત્રમાં સંસદમાં અભૂતપૂર્વ ધમાલ થઈ છે. તેના કારણે સરકારે શિક્ષાત્મક પગલાં લઈને વિપક્ષોને શાંત પાડવાનો માર્ગ અપનાવ્યો છે. વિપક્ષોની દલીલ છે કે સરકાર લોકતાંત્રિક રીતે કામ કરવા માંગતી નથી. સંસદના શિયાળુ સત્રમાં લોકસભામાં સુરક્ષા ભંગ કરનારા કેટલાક યુવકોની હરકત બાદ વિપક્ષી સાંસદોએ તેના પર પ્રશ્ન કરતા આ અંગે હોબાળો કર્યો હતો. જેથી આ બાબતને અશોભનીય માનતા લોકસભામાં વિપક્ષના વધુ ૪૯ સાંસદ સસ્પેન્ડ તેમજ અત્યાર સુધી કુલ ૧૪૧ સાંસદની હકાલપટ્ટી કરી છે. તેમને નિયમ ૨૫૬ હેઠળ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જે સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમાં વિપક્ષી પાર્ટીઓના ઘણા સાંસદો છે. ચાલો જાણીએ કે જે સભ્યોના આચરણ અને તેમની સામે શિસ્તબદ્ધ કાર્યવાહીને વ્યાખ્યાયિત કરતો નિયમ ૨૫૬ શું છે. આ પહેલા પણ ૧૯૮૯માં લોકસભાનું સૌથી મોટું સસ્પેન્શન કરવામાં આવ્યું હતું. પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યાનો ઠક્કર કમિશનનો રિપોર્ટ સંસદમાં રજૂ કર્યો ત્યારે સાંસદોએ હંગામો કર્યો હતો. ત્યારે સ્પીકરે ૬૩ સાંસદોને સસ્પેન્ડ કર્યા હતા.

લોકસભા અને રાજ્યસભાના સભ્યો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પણ નિયમો બનેલા છે. સસ્પેન્શનની કાર્યવાહી અંગેના નિયમો બંને ગૃહો દ્વારા નિયમ પુસ્તક દ્વારા સંચાલિત થાય છે. તેમજ બંધારણમાં પણ એવી જોગવાઈ છે કે સંસદમાં થતી કાર્યવાહી કોઈપણ અદાલત પ્રત્યે જવાબદાર નથી. તેમજ તેને કોર્ટમાં પડકારી શકાય નહીં. સાંસદોએ બંને ગૃહોના નિયમો અનુસાર વર્તવું પડશે. રાજ્યસભામાં નિયમ ૨૫૫ હેઠળ અધ્યક્ષ સમગ્ર સત્ર માટે સભ્યોને સસ્પેન્ડ કરી શકે છે. જ્યારે નિયમ ૨૫૬ હેઠળ સ્પીકર સાંસદને સત્રના બાકી સમય કરતાં વધુ સમય માટે સસ્પેન્ડ કરી શકે છે. લોકસભામાં નિયમ ૩૭૪ હેઠળ, સસ્પેન્શન નિર્ધારિત સમયથી બાકીના સત્ર સુધી ચાલી શકે છે.

જે સભ્યો સભાપીઠના અધિકારની ઉપેક્ષા કરે અથવા તો જાણીજોઈને વારંવાર સભાના કાર્યમાં અવરોધ ઉભા કરે છે અથવા તો રાજ્યસભાના નિયમોનો દુરુપયોગ કરે છે ત્યારે અધ્યક્ષ સભ્યોને સસ્પેન્ડ કરી શકે છે. તેમજ સત્રના અંત સુધીના સમયગાળા માટે અધ્યક્ષ કોઈપણ સભ્યને રાજ્યસભાની સેવામાંથી સસ્પેન્ડ કરી શકે છે. આ ઉપરાંત સસ્પેન્ડ થતાની સાથે જ રાજ્યસભા અથવા લોકસભાના સભ્યએ તરત જ ગૃહ છોડવું પડે છે. જો સ્પીકરને એવું લાગે કે કોઈ સભ્ય વારંવાર સદનની કાર્યવાહીમાં અવરોધ ઉભા કરે છે તો તે સભ્યને બાકી રહેતા સેશન માટે સસ્પેન્ડ કરી શકે છે. આ સસ્પેન્શન રાજ્યસભા અધ્યક્ષની મરજીથી રદ પણ થઈ શકે છે. જો સાંસદ તેના કાર્યો માટે માફી માંગે તો અધ્યક્ષ અને લોકસભા અધ્યક્ષ સસ્પેન્શન રદ કરવા માટે તેમની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી શકે છે.

### અયોધ્યામાં જાન્યુઆરીમાં રામમંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

# અડવાણી-જોશીને મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર ન રહેવા અપીલ

## બંને વડીલ છે અને તેમની ઉંમરને ધ્યાનમાં રાખીને તેમને મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય દ્વારા વિનંતી કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૯

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ૨૦૨૪માં રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવાનો છે જેને લઈને રામ ભક્તોમાં ઉત્સાહ છે અને આ પ્રાણ પ્રતિષ્ઠામાં દેશભરમાંથી નેતાઓ, ક્રિકેટર સહિત અનેક જાણીતી હસ્તીઓ પણ ઉપસ્થિત રહેશે ત્યારે હવે મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને આ મહોત્સવમાં ન આવવાની અપીલ કરી છે.

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં લાંબા વર્ષોના સંઘર્ષ બાદ ૨૨મી જાન્યુઆરી ૨૦૨૪એ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવાનો છે જેમાં દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ પહોંચશે.

આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સમાં હાજરી આપવા માટે અનેક નેતાઓ, ક્રિકેટરો અને જાણીતી હસ્તીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યુ છે ત્યારે હવે રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટના મહાસિચ ચંપત રાયે ગઈકાલે પ્રત્રકાર પરિષદમાં ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને પૂર્વ કન્દ્રિય મંત્રી મુરલી મનોહર જોશીને આ મહોત્સવમાં ન આવવાની અપીલ કરી છે. ચંપત રાયે ગઈકાલે અડવાણી અને જોશીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેવાના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે બંને વડીલ છે અને તેમની ઉંમરને ધ્યાનમાં રાખીને તેમને વિનંતી કરવામાં આવી છે કે તેઓ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં સામેલ ન થાય. ઉલ્લેખનીય છે કે આ બે નેતાઓ રામ મંદિર આંદોલનના સૌથી મોખરે હતા. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે ૯ નવેમ્બર ૨૦૧૯એ ઐતિહાસિક હિન્દુ પક્ષમાં ચૂકાદો આપ્યો હતો. રામ મંદિરમાં લોકો ૨૩મી જાન્યુઆરીથી ભગવાન રામના દર્શન કરી શકશે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સ બાદ ઉત્તર ભારતની પરંપરા મુજબ ૨૪ તારીખથી ૪૮ દિવસ સુધી મંડલ પૂજા યોજાશે.

### નિયમિત રીતે સૂર્ય નમસ્કાર કરવાના સંકલ્પ લીધા

# અમરેલીના લાપાળિયા શાળામાં સૂર્ય નમસ્કાર સ્પર્ધા, ૫૪ સ્પર્ધકો નોંધાયા

## અલગ અલગ વય જુથમાં સ્પર્ધકોએ સૂર્ય નમસ્કાર કર્યા



અમરેલી, તા. ૧૯

અમરેલીના લાપાળિયા ગામની પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓ અને અગાઉથી નોંધણી કરનાર ગામના યુવાનો અને યુવતીઓ માટે સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધા માટે ૫૪ નામ નોંધાયા હતા. નિયમિત સૂર્ય નમસ્કાર કરવાના સંકલ્પ પણ લેવાયા હતા. ગુજરાત સરકારના યોગ બોર્ડ દ્વારા રાજય કક્ષાએ સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અમરેલી જિલ્લામાં પણ તમામ ગામો તથા શહેરમાં તમામ વોર્ડમાં આયોજન કરાયું હતુ. તા. ૧૯ના રોજ ગ્રામ્ય કક્ષાની સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં અમરેલી તાલુકાના લાપાળિયા ગામે ગામમાં આવેલી પ્રાથમિક શાળા ખાતે સ્પર્ધા યોજવામાં આવી હતી.આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત ૧૯ થી ૪૦ વર્ષના વયજૂથમાં યુવાનોએ પણ ભાગ લીધો હતો અને સવારથી જ શાળા ખાતે ભારે ઉત્સાહભર વાતાવરણમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધાનો આરંભ કરાવાયો હતો. શાળાના શિક્ષકો દ્વારા સ્પર્ધાનું સંચાલન કરાવાયું હતુ અને ભાગ લેનારા લોકોએ ઉત્સાહભેર સૂર્ય નમસ્કાર કર્યા હતા. વિજેતા થયેલા યુવાનો અને યુવતીઓ તા. ૨૩મીએ તાલુકા કક્ષાએ ભાગ લેશે. વિજેતાઓને ઈનામ અપાશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય શિવલાલભાઈ વિરાણીની આગેવાની હેઠળ કલ્પનાબેન કાનપરીયા, જેતુનબેન ઘાંચી, મનીષાબેન કોલડીયા, સંજયભાઈ વિસાણી, દિપકભાઈ ભીમજીયાણી વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### શેરબજારનો કારોબાર નજીવા વધારા સાથે બંધ

# દિવસના ઉતાર-ચઢાવ પછી સેન્સેક્સ-નિફ્ટી લીલા નિશાન પર બંધ, નેસ્લેના શેરમાં વધારો

મુંબઈ, તા.૧૯

શેરબજારનો કારોબાર મંગળવારે નજીવા વધારા સાથે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૧૨૨ પોઈન્ટના વધારા સાથે ૭૧૪૩૭ પોઈન્ટના સ્તરે બંધ થયો છે જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૭ પોઈન્ટના વધારા સાથે ૨૧,૪૪૬ પોઈન્ટના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે.

મંગળવારે શેરબજારના અસ્થિર કારોબારમાં નિફ્ટી મિડકેપ ૧૦૦, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેક્રમાં નબળાઈ નોંધાઈ હતી જ્યારે બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યો હતો. શેરબજારના ટોપ ગેનર્સમાં નેસ્લે ઈન્ડિયા, કોલ ઈન્ડિયા, ટાટા કન્ઝ્યુમર અને એનટીપીસીના શેરનો સમાવેશ થાય છે. નબળાઈ દર્શાવનારા શેરોમાં એસબીઆલાઈફ, હીરો મોટોકોર્પ, અદાણી પોર્ટ્સ અને વિપ્રોના શેરનો સમાવેશ થાય છે.

શેરબજારમાં દિવસના કારોબાર દરમિયાન, સેન્સેક્સે એકવાર ૨૫૦ પોઈન્ટ સુધીનો વધારો નોંધાવ્યો હતો. નિફ્ટીએ મંગળવારે પહેલીવાર ૨૧૫૦૦ના સ્તરને સ્પર્શવાનો પ્રયાસ કર્યો હતો.

મંગળવારે ગૌતમ અદાણી ગ્રૂપની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી ૭ના શેરમાં નબળાઈ નોંધાઈ હતી જ્યારે અદાણી ગ્રીન એનર્જી અને દ્રહ્કના શેરમાં વધારો નોંધાયો હતો. મંગળવારે અંબુજા સિમેન્ટ, અદાણી ટોટલ ગેસ, અદાણી પાવર, અદાણી વિલ્મર, એસીસી, અદાણી એન્ટરપ્રાઈઝ અને અદાણી પોર્ટ્સના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

જો મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો ટાટા મોટર્સ, સ્ટોવ ક્રાફ્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, જિયો ફાઈનાન્શિયલ, પટેલ એન્જિનિયરિંગ અને યુનિ પાર્ટ્સ ઈન્ડિયાના શેરમાં નબળાઈ જોવા મળી હતી જ્યારે એકસાઈડ ઈન્ડસ્ટ્રીઝ, કામધેનુ લિમિટેડ, બ્રાન્ડ કોન્સેપ્ટ, ઓમ ઈન્ફ્રા અને દેવયાની ઈન્ટરનેશનલ શેર્સ હતા. ઉદય પર બંધ.મંગળવારે કજરિયા સિરામિક્સ, ગલ્ફ ઓઈલ, હજૂર મલ્ટી પ્રોજેક્ટ્સ, ઈરડા, આઈસી આઈસીઆઈ બેક્ર, ચેમ્બોન્ડ કેમિકલ અને સર્વોટેક પાવર સિસ્ટમના શેરમાં પણ ઉછાળો નોંધાયો હતો જ્યારે પંજાબ નેશનલ બેક્ર, ગેઈલ ઈન્ડિયા, સાઉથ ઈન્ડિયન બેક્ર અને એલઆઈસીના શેર નબળાઈ પર બંધ થયા હતા.

### ૨૦૧૧માં તૃણમૂલ કોંગ્રેસે બંગાળની સત્તા પરકબજો કર્યો હતો

# પ. બંગાળના આગામી મુખ્યમંત્રી તરીકે અભિષેક બેનર્જી હોટફેવરિટ

## મમતા બેનર્જીના ભત્રીજા અને ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી તેમની ફોઈના સ્થાને મુખ્યમંત્રીનું પદ સંભાળશે : કુણાલ ઘોષ

કોલકાતા, તા.૧૯

૧૯૯૮માં જ્યારે મમતા બેનર્જીએ કોંગ્રેસ છોડીને તૃણમૂલ કોંગ્રેસનું ગઠન કર્યુ ત્યારે બંગાળમાં કોંગ્રેસના ઘણા મોટા નેતાઓ તેમની સાથે આવ્યા હતા.

જોકે લાંબી લડાઈ બાદ વર્ષ ૨૦૧૧માં જ્યારે તૃણમૂલ કોંગ્રેસે બંગાળની સત્તા પરકબજો કર્યો ત્યારબાદથી રાજયના રાજકારણમાં મમતા બેનર્જીના ઉત્તરાધિકારી અંગે હંમેશા અટકળો લગાવવામાં આવી રહી છે. તેમની જગ્યા કોણ લેશે તે અંગે વારંવાર ચર્ચા થતી આવી છે.

હવે જ્યારે મમતાના ભત્રીજા અભિષેક બેનર્જીએ રાજનીતિમાં પોતાની મજબૂતી સાબિત કરી દીધી છે ત્યારે સ્પષ્ટ થઈ ગયું છે કે તેઓ રાજયના આગામી મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. તેના પર પાર્ટીના પ્રવક્તા કુણાલ ઘોષે પણ મહોર લગાવી દીધી છે. સોમવારે તેમણે કહ્યુ કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી તેમની ફોઈના સ્થાને મુખ્યમંત્રીનું પદ સંભાળશે.

કુણાલ ઘોષનું આ નિવેદન પંશ્ચિમ બંગાળની સત્તારુઢ પાર્ટી ટીએમસીમાં રાજનેતાઓની યુવા પેઢી સામે જૂના નેતાઓ વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે આવ્યું છે. તેની શરૂઆત ગત નવેમ્બર મહિનાના અંતમાં થઈ હતી. જ્યારે બે વખતના સાંસદ અને ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જીએ કહ્યું કે, ભલે રાજનીતિ હોય કે, કોઈ અન્ય ક્ષેત્ર મારું માનવું છે કે, ઉચ્ચ વય મર્યાદા હોવી જોઈએ. એક વ્યક્તિ જે કામ ૩૦ વર્ષની ઉંમરમાં કરે છે તે ૩૫ અથવા ૫૦ વર્ષના લોકો પણ કરી શકે છે પરંતુ ૮૦ વર્ષનો વ્યક્તિ તે કામ ન કરી શકે. પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના ચુચુરામાં મીડિયાને સંબોધિત કરતા કુણાલ ઘોષે કહ્યું કે મમતા બેનર્જી ૨૦૩૬ સુધી સેવા આપતા રહેશે અને ત્યારબાદ ભત્રીજો અભિષેક બેનર્જી તેમનું સ્થાન લેશે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીની સ્થિતિ અંગે સ્પષ્ટતા કરતા ટીએમસીના પ્રવક્તાએ કહ્યું કે, અમે પુષ્ટિ કરી રહ્યા છીએ કે અમે મમતા દીદીના નેતૃત્વમાં ચૂંટણી લડીશું અને અભિષેક બેનર્જી સેનાપતિ હશે. તેઓ ૨૦૩૬ સુધી સીએમ રહેશે અને પછી તેની કમાન અભિષેકને સોંપવામાં આવશે.

### નવી દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધનની ચોથી બેઠક સમાપ્ત

# મલ્લિકાર્જુન ખડગેને પીએમ પદના ઉમેદવાર બનાવવા ઈન્ડિયાનો પ્રસ્તાવ

## બેઠકમાં ૫ રાજ્યોના ચૂંટણી પરિણામો, સંસદમાં સુરક્ષામાં ચુક, સંસદની શિયાળુ સત્રમાં વિપક્ષના ૯૨ સાંસદોને સસ્પેન્ડ કરવા મામલે ચર્ચા થઈ

નવી દિલ્હી, તા.૧૯

નવી દિલ્હીના અશોક હોટલમાં યોજાયેલી ઈન્ડિયા ગઠબંધનની ચોથી બેઠક સમાપ્ત થઈ છે. બેઠકમાં ૫ રાજ્યોના ચૂંટણી પરિણામો, સંસદમાં સુરક્ષામાં ચુક, સંસદની શિયાળુ સત્રમાં વિપક્ષના ૯૨ સાંસદોને સસ્પેન્ડ કરવા મામલે ચર્ચા થઈ છે.

ઉપરાંત આગામી લોકસભા ચૂંટણીની રણનીતિ પર પણ ચર્ચા થઈ છે. બેઠકમાં નીતીશ કુમારે વડાપ્રધાન પદના ઉમેદવાર બનવાનો ઈક્રાર કરી દીધો છે, તો પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાનો પ્રસ્તાવ મુક્યો છે, જોકે આ પ્રસ્તાવ અંગે ખડગેએ કહ્યું કે, પહેલા ચૂંટણી જીતવા પર ધ્યાન આપવું જોઈએ.

બેઠકમાં ટીએમસીએ ગઠબંધનની ઘણા પક્ષો સાથે મળીને તમામ સિટ શેરિંગની પર વાતચીત પૂરી કરી લીધી છે. સિટ શેરિંગનીની કામગીરી ૩૧ ડિસેમ્બર સુધીમાં પુરી કરવાનો પણ સમય નક્કી કરાયો છે. તો બેઠક બાદ સમાજવાદી પાર્ટીના અધ્ક્ષ અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલ યાદવે બેઠક વહેંચણી મુદ્દે કહ્યું કે, તમામ પક્ષો વહેલીતકે સિટ શેરિંગ કરી મેદાનમાં જવા તૈયાર છે. ટુંક સમયમાં બેઠકની વહેંચણી કરી દેવાશે.

બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, બેઠકમાં અમે ૨થી ૩ કલાક સુધી વિચાર-વિમર્શ કર્યો અને રણનીતિ પર સહમત થયા છીએ. ઉપરાંત ૧૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવા મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી છે, જેની અમે નિંદા કરી છે. અમે એક પ્રસ્તાવ પણ પાસ કર્યો છે, જે અલોકતાંત્રિક છે.

દિલ્હીમાં યોજાયેલી ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને રાજ્યસભા સાંસદ સંજય રાઉત, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, ડીએમકે નેતા, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિન, એનસીપીના વડા શરદ પવાર, આરએલડી નેતા જયંત ચૌધરી, સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવ સહિતના નેતાઓએ બેઠકમાં ભાગ લીધો હતો. જ્યારે ઝારખંડના મુખ્યંત્રી હેમંત સોરેન વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠકમાં જોડાયા હતા.

ઈન્ડિયા ગઠબંધનની બેઠક પહેલા કોંગ્રેસે લોકસભા ચૂંટણી-૨૦૨૪ને ધ્યાને રાખી ૫ સભ્યોની નેશનલ એલાયન્સ સમિતી બનાવી છે, જેમાં અશોક ગેહલોત, ભૂપેશ બઘેલ, સલમાન ખુર્શીદ અને મોહન પ્રકાશને સભ્ય બનાવાયા છે, ત્યારે મુકુલ વાસનિકને સમિતિના સંયોજક બનાવાયા છે.

બેઠક અગાઉ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ મુખપત્ર 'સામના'માં ઈન્ડિયા ગઠબંધન પર વ્યંગ કર્યો હતો.

તંત્રીલેખ દ્વારા શિવસેનાના ઉદ્ધવ જૂથે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે, "જો ઈન્ડિયાગઢબંધનને મોદી-શાહનો સામનો કરવો હોય તે ગઠબંધનનો રથ ખેચવા માટે એક સારથિની જરૂર છે.

કોંગ્રેસે ઈન્ડિયા ગઢબંધનના રૂપમાં ગઢબંધનનું મહત્વ શીખવુ જોઈએ. આજે રથમાં ૨૭ ઘોડા છે, પરંતુ તેનો સારથિ કોઈ નથી, જેના કારણે રથ થંભી ગયો છે. ઈન્ડિયાગઢબંધનને સંયોજક, સમન્વયક, આમંત્રિતની જરૂર છે, પછી ભલે ગમે તે હોય.

એવા સમન્વયકની જરૂર નથી અને જો કોઈ કહે કે, સંજોગોમાં 'અમે ચલાવી લઈશું' તો તે ઈન્ડિયાને નુકસાન કરી રહ્યું છે.

હવે સારથિની જાહેરત કરવી પડશે. આજે બેઠકમાં નિર્ણય લીધા બાદ જ આગળનું પગલું ભરવાનું રહેશે.

### નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના હસ્તે

# અમરેલીના મોટા આંકડિયા ખાતે પાણી પુરવઠાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

## આશરે રૂા. ૨૭ લાખના ખર્ચે સંપનું નિર્માણ થશે



અમરેલી તા.૧૯

અમરેલી જિલ્લાના વિકાસયાત્રામાં પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી – કુંકાવાવ – વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના હસ્તે થઈ રહ્યું છે. આ કડીના ભાગરૂપે સોમવારે અમરેલી તાલુકાના મોટા આંકડિયા ખાતે સંપના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત થયું હતું.

જંગર જૂથ પાણી–પુરવઠા યોજના હેઠળ મોટા આંકડિયા ખાતે આશરે રૂા. ૨૭ લાખના ખર્ચે ૦૮ લાખ લીટરની ક્ષમતા ધરાવતો સંપ નિર્માણ પામશે. આ કાર્ય સંપન્ન થતા સમગ્ર વિસ્તારના રહીશોની પાણી પુરવઠાને લગતી સુવિધામાં ઉમેરો થશે તેવો વિશ્વાસ નાયબ મુખ્ય દંડકે વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં ગામના સરપંચ, સ્થાનિક પદાધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારી, પાણી પુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર તેમજ ગ્રામજનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જ્ઞાનવાપી મામલે અલ્લાહબાદ હાઈકોર્ટનો ચુકાદો

# મુસ્લિમ પક્ષની તમામ પાંચ અરજી ફગાવી દેવામાં આવી

## હાઈકોર્ટે ૧૯૯૧ના કેસની સુનાવણીને મંજૂરી આપી હતી તેમજ વારાણસી કોર્ટને ૬ મહિનામાં કેસની સૂનાવણી પૂર્ણ કરવાનો આદેશ પણ આપ્યો

અલ્લાહબાદ, તા.૧૯

જ્ઞાનવાપી મસ્જિદ મામલે અલ્હાબાદ હાઈકોર્ટ આજે ચુકાદો આપ્યો છે જેમાં મુસ્લિમ પક્ષને મોટો ઝટકો આપતા તેમની પાંચ અરજીને ફગાવી દીધી છે તેમજ હાઈકોર્ટે ૧૯૯૧ના કેસની સુનાવણીને મંજૂરી આપી દીધી છે.

આજે જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલની ખંડપીઠે વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ અને કાશી વિશ્વનાથ મંદિર વચ્ચેના માલિકી વિવાદ અંગે સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડ અને અંજુમન મસ્જિદ કમિટિ દ્વારા કરવામાં આવેલી પાંચેય અરજીને ફગાવી દીધી હતી અને ૧૯૯૧ના કેસની સુનાવણીને મંજૂરી આપી હતી તેમજ વારાણસી કોર્ટને ૬ મહિનામાં કેસની સૂનાવણી પૂર્ણ કરવાનો આદેશ પણ આપ્યો હતો. આ અગાઉ હાઈકોર્ટે ૮મી ડિસેમ્બરે તમામ દલીલો સાંભળ્યા બાદ નિર્ણયને સુરક્ષિત રાખ્યો હતો.

અલ્હાબાદ હાઈકોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે આ મામલો પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ ૧૯૯૧ના દાયરાની બહાર છે, એવામાં આ કેસની સુનાવણી નીચલી કોર્ટમાં જ થઈ શકે છે. આ નિર્ણયથી જ્ઞાનવાપી પરીસરમાં કરાયેલા સરવે પર પણ અસર થઈ શકે છે.

હિન્દું પક્ષનું કહેવું છે કે હાલમાં જ થયેલા સરવેમાં વજુખાના સહિત બાકી રહેલો જે એરિયા રહી ગયો છે તેમનો પણ સરવે કરી શકાય છે અને આ ઉપરાંત ખોદકામની પણ પરવાનગી આપી શકાય છે. મુસ્લિમ પક્ષે દાખલ કરેલી અરજીમાં કહેવામાં આવ્યુ હતું કે પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ ૧૯૯૧ હેઠળ આ મામલેમાં સુનાવણી કરવામાં આવી શકે નહીં, જો કે હાઈકોર્ટે આજે સ્પષ્ટ કર્યુ છે કે આ મામલામાં આ નિયમ લાગુ પડતો નથી. આ કાયદાને વર્ષ ૧૯૯૧માં તત્કાલિન વડાપ્રધાન પીવી નરસિમ્હા રાવના કાર્યકાળમાં લાવવામાં આવ્યો હતો. આ કાયદા હેઠળ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ પહેલાના કોઈપણ ધર્મના પૂજા સ્થળને કોઈ બીજા ધર્મના પૂજા સ્થળમાં બદલી શકાય નહીં. આ એક્ટમાં કહેવામાં આવ્યુ છે કે જો કોઈ આવું કરે છે તો તેને જેલમાં મોકલી શકાય છે. કાયદા મુજબ ધાર્મિક સ્થળો આઝાદી સમયમાં જેવા હતા તેવા જ રહેશે. સુપ્રીમ કોર્ટમાં આ એક્ટને પડકારતી અનેક અરજીઓ દાખલ કરવામાં આવી છે જેમાં આ કાયદાની માન્યતા પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

## કોરોના વાયરસે ફરી એકવાર વાપસી કરી

# ગુજરાતમાં ફરી કોરોનાની એન્ટ્રી, કોવિડના બે કેસ સામે આવ્યા

### બે મહિલાઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં હાલ બન્ને દર્દીઓ હોમઆઇસોલેશન હેઠળ છે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં પણ એન્ટ્રી કરતાં ફરી ચિંતા વધારી છે. રાજ્યમાં કોવિડના બે કેસ સામે આવ્યા છે. બંને દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રીની વાત કરીએ તો, તેમણે દક્ષિણ ભારતમાં મુસાફરી કરી હતી. તો બંને દર્દીઓની તબિયત હાલ સ્થિર હોવાનું સામે આવ્યું છે.

કોરોના વાયરસે ફરી એકવાર વાપસી કરી છે. કોરોના વાયરસના નવા સબ-વેરિઅન્ટે વિશ્વમાં ફરી એકવાર ટેન્શન વધાર્યું છે. ભારતમાં કેરળમાં આ વાયરસના કેસ સામે આવ્યા હતા. ત્યારે કોરોનાએ ગુજરાતમાં પણ એન્ટ્રી કરતાં ફરી ચિંતા વધારી છે. રાજ્યમાં કોવિડના બે કેસ સામે આવ્યા છે. આ બંને કેસ ગાંધીનગરમાં નોંધાયા છે. બે મહિલાઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં હાલ બન્ને દર્દીઓ હોમઆઈસોલેશન હેઠળ છે. બંને દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રીની વાત કરીએ તો, તેમણે દક્ષિણ ભારતમાં મુસાફરી કરી હતી.

તો બંને દર્દીઓની તબિયત હાલ સ્થિર હોવાનું સામે આવ્યું છે.

## લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસને આંચકો

# ખંભાતના ધારાસભ્ય કોંગ્રેસના ચિરાગ પટેલે રાજીનામું આપ્યું

### કોંગ્રેસના ધારાસભ્ય રાજીનામાં બાદ ગૃહની સંખ્યા ઘટીને ૧૮૦ પર પહોંચી, ચિરાગ પટેલ રાજીનામું આપતા કોંગ્રેસનું સંખ્યાબળ તુટીને ૧૬ થઈ ગયું

અમદાવાદ, તા.૧૯

દેશમા આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ગુજરાતમાં કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. ગુજરાતમાં થોડા દિવસો પહેલા જ આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ પક્ષ સાથે છેડો ફાડીને રાજીનામું આપ્યુ હતું ત્યારે હવે ગુજરાત કોંગ્રેસના ખંભાતના ધારાસભ્ય રાજીનામુ આપ્યું છે.

લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતના રાજકારણમાં ઉથલપાથલ જોવા મળી છે હજુ થોડા દિવસો પહેલા જ ગુજરાતમાં આમ આદમી પાર્ટીના વિસાવદર વિધાનસભા બેઠકના ધારાસભ્યની ભૂપત ભાયાણીએ વિધાનસભા ખાતે અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યું હતું ત્યારે હવે ગુજરાત કોંગ્રેસના ખંભાત વિધાનસભા બેઠકના ધારાસભ્ય ચિરાગ પટેલે પણ આજે રાજીનામુ આપ્યું છે. ગુજરાતમાં ૧૮૨ સભ્યોની વિધાનસભામાં આપના ધારાસભ્યભૂપત ભાયાણીના રાજીનામાં બાદ સંખ્યા ઘટીને ૧૮૧ થઈ હતી, ત્યારે હવે કોંગ્રેસના ધારાસભ્ય રાજીનામાં બાદ આ સંખ્યા ઘટીને ૧૮૦ પર પહોંચી ગઈ છે.

આજે ચિરાગ પટેલ રાજીનામું આપતા કોંગ્રેસનું સંખ્યાબળ તુટીને ૧૬ થઈ ગયું છે. ચિરાગ પટેલ ૨૦૨૨ની વિધાસભાની ચૂંટણીમાં ખંભાતની બેઠક પરથી ભાજપના ઉમેદવાર મયુર રાવલને ૩૭૧૧ મતથી હરાવીને પ્રથમ વખત ચૂંટણી જીત્યા હતા.

## ઈન્ડિયાની બેઠક પહેલાં કોંગ્રેસનો મોટો નિર્ણય

# લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસની પાંચ સભ્યોની નેશનલ એલાયન્સ કમિટી

### આ કમિટીમાં રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, ભૂપેશ બઘેલ, મુકુલ વાનસિક અને મોહન પ્રકાશના નામ સામેલ

નવી દિલ્હી, તા.૧૯

આજે દિલ્હીમાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાની બેઠક મંગળવારે સાંજે શરુ થાય તે પહેલા જ કોંગ્રેસ દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં પાંચ સભ્યોની નેશનલ એલાયન્સ કમિટી બનાવી છે.

આજે દિલ્હીમાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાની બેઠક શરુ થાય તે પહેલા જ કોંગ્રેસ પાર્ટી દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો જેમાં આગામી લોકસભાની ચૂંટણી માટે પાંચ સભ્યોની નેશનલ એલાયન્સ કમિટી બનાવી છે.

આ કમિટીમાં રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, ભૂપેશ બઘેલ, મુકુલ વાનસિક અને મોહન પ્રકાશના નામ સામેલ છે. વાસનિકને સંયોજક બનાવાયા છે.

અશોક ગેહલોત અને ભૂપેશ બઘેલને એવા સમયે નેશનલ એલાયન્સ કમિટીમાં સામેલ કરવામાં આવ્યા છે જ્યારે તાજેતરમાં યોજાયેલી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને રાજસ્થાન અને છત્તીસગઢમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં કોંગ્રેસના સોનિયા ગાંધી, રાહુલ ગાંધી તેમજ પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સામેલ થશે. આ બેઠકમાં સપા નેતા અખિલેશ યાદવ, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, બિહારના સીએમ નીતીશ કુમાર, આરજેડી ચીફ લાલુ પ્રસાદ યાદવ સહિતના નેતા પણ ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે પહેલા આ બેઠક ૬ ડિસેમ્બરે યોજાનાર હતી પરંતુ કેટલાક નેતાઓએ બેઠકમાં હાજરી આવવાનો ઈક્રાર કરતા આ બેઠક ટળી હતી અને બાદમાં તેની તારીખ લંબાવીને ૧૯મી ડિસેમ્બર નકકી કરવામાં આવી હતી.

## શિવસેના (યુબીટી) સાંસદ સંજય રાઉતને મોટી રાહત

# મોદી પર ટીપ્પણી કેસમાં સંજય રાઉત સામેનો દેશદ્રોહનો કેસ હટાવાયો

### આ કેસમાં કાયદાકીય અભિપ્રાય લીધા બાદ પોલીસે કેસમાંથી દેશદ્રોહનો આરોપ હટાવવાનો નિર્ણય કર્યો

મુંબઈ, તા.૧૯

શિવસેના (યુબીટી) સાંસદ સંજય રાઉતને આજે મોટી રાહત મળી છે. મહારાષ્ટ્ર પોલીસે સંજય રાઉત પર લાગેલા દેશદ્રોહના આરોપને હટાવી દીધો છે.

અધિકારીએ કહ્યું કે, પોલીસ દ્વારા કાયદાકીય અભિપ્રાય અને અને સલાહ લીધા બાદ રાઉત વિરુદ્ધ દેશદ્રોહનો આરોપ હટાવી દેવામાં આવ્યો છે.



યવતલામ જિલ્લામાં સંજય રાઉત વિરુદ્ધ કેસ નોંધાયો હતો. રાઉત વિરુદ્ધ ઉમરખેડ પોલીસ સ્ટેશનમાં કલમ ૧૨૪(એ) (દેશદ્રોહ), ૧૫૩(એ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેમના વિરુદ્ધ કલમ ૫૦૫ (૨) પણ જોડી દેવામાં આવી હતી.

સંજય રાઉતે પોતાની પાર્ટીના મુખપત્ર 'સામના'માં એક લેખ લખ્યો હતો. સંજય રાઉત પર પીએમ મોદી વિરુદ્ધ વાંધાજનક લેખ લખવાનો આરોપ છે. રાઉત 'સામના'ના એક્ઝિક્યુટિવ એડિટર છે. સંજય રાઉતે સામના'માં પોતાની સાપ્તાહિક કોલમ 'રોખ ઠોક'માં પીએમ મોદી પર લેખ લખ્યો હતો.

પોલીસે જણાવ્યું કે સંજય રાઉત વિરુદ્ધ બીજેપી નેતાની ફરિયાદ પર કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ કેસમાં કાયદાકીય અભિપ્રાય લીધા બાદ પોલીસે કેસમાંથી દેશદ્રોહનો આરોપ હટાવવાનો નિર્ણય કર્યો છે. પોલીસે જણાવ્યું કે આ માટે સરકારી વકીલની સલાહ પણ લેવામાં આવી હતી.

## Facebookના માધ્યમથી નોકરી વાંચ્છુકોને

# યુ.કે.ના વિઝા આપવાના નામે એક કરોડથી વધુની છેતરપિંડી

### કરોડો રૂપિયાની રકમ પડાવી લીધા બાદ નોકરી યુ.કે.ના વિઝા અપાવવાના નામે બંટી બબલીની જોડીએ છેતરપિંડી આચરી હતી

સુરત, તા.૧૯

નોકરી વાંચ્છુક પાસેથી યુકેના વિઝા અપાવવાના નામે રૂપિયા ૧.૦૫ કરોડ જેટલી રકમ ખંખેરી ભૂગર્ભમાં ઊતરી ગયેલી બંટી બબલીની જોડી પૈકીના એક આરોપીની આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા દિલ્હી ખાતેથી ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. જ્યારે ફરાર આરોપીની પત્નીની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે. મહત્વનું છે કે, બંટી-બબલીની જોડી **facebook** ના માધ્યમ થકી નોકરી વાંચ્છુકને યુકેના વિઝા અપાવવાની લાલચ આપી સુરતના વેસુ સ્થિત ઓફિસે મળવા માટે બોલાવતા હતા. ત્યાં નોકરી વાંચ્છુક પાસેથી લેખિતમાં કરાર કરી ૧૫ લાખ રૂપિયા જેટલી રકમ નક્કી કરવામાં આવતી હતી. જે પૈકી પાંચ લાખ રૂપિયા જેટલી રકમ એડવાન્સ પેટે પડાવી લેવામાં આવતી હતી. સુરતના ઉમરા વિસ્તારમાં ઓફિસ શરૂ કરી નોકરી વાચ્છુકોનો ફેસબુકના માધ્યમથી સંપર્ક કરી યુકેના વિઝા અપાવવાના નામે એક કરોડથી વધુની રકમ બંટી-બબલીની જોડીએ ખંખેરી લીધા હતા.ઉમરા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, યુસુફ ખાન પઠાણ અને તેની પત્ની રિવ્યાના ખાન પઠાણ દ્વારા ઉમરા પોલીસ મથકની હદમાં આવેલા વેસુ ખાતે ઓફિસ શરૂ કરવામાં આવી હતી. **Facebook** ના માધ્યમથી નોકરી વાંચ્છુકોનો સંપર્ક કરી યુ.કે ના વિઝા અપાવવાના નામે પોતાની ઓફિસે બોલાવવામાં આવતા હતા. જ્યાં બાંહેધરી કરાર લખાવી ૧૫ લાખ રૂપિયામાં યુકેના વિઝા અપાવવાની લાલચ આપવામાં આવતી હતી. જેનું એડવાન્સ પેટે વ્યક્તિ દીઠ પાંચ લાખ રૂપિયા લેવામાં આવતા હતા. આ રીતે બંટી બબલી ની જોડીએ કુલ ૨૧ જેટલા નોકરી વાંચ્છુકો પાસેથી ૧.૦૫ કરોડ રૂપિયા જેટલી રકમ પડાવી લેવામાં આવી હતી. કરોડો રૂપિયાની રકમ પડાવી લીધા બાદ નોકરી યુ.કે.ના વિઝા અપાવવાના નામે બંટી બબલી ની જોડી એ છેતરપિંડી આચરી હતી. એટલું જ નહીં પોતાની ઓફિસ બંધ કરી બંટી-બબલી ની જોડી ભૂગર્ભમાં ઉતરી ગઈ હતી. જ્યાં ધરપકડથી ટાળવા ભાગતી-ફરતી આ જોડીને ઝડપી પાડવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન આ ગુનાની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા સુરત ઈકો શેલને સોંપવામાં આવી હતી. જે ગુનાની તપાસ કરી રહેલી ઈકો સેલ દ્વારા બંટી-બબલી ની જોડી પૈકી આરોપી યુસુફ ખાન પઠાણની દિલ્હી ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. ઈકો શેલને માહિતી મળી હતી કે ,આ ગુનાનો આરોપી દિલ્હી ખાતે હાલ આવી રહ્યો છે. જે ચોક્કસ માહિતીના આધારે સ્થાનિક પોલીસની મદદથી આરોપી યુસુફ ખાન પઠાણને ઝડપી પાડવામાં ઈકો શેલને સફળતા મળી હતી. જ્યારે ગુનામાં ફરાર આરોપીની પત્ની રિવ્યાનાખાન પઠાણની ધરપકડ કરવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## હિંગ મહાસાગરમાં સર્જાયેલા ચક્રવાતે મુશ્કેલી સર્જી

# તામિલનાડુમાં ભારે વરસાદની આગાહી, સ્કૂલ-કોલેજ બંધ

### ચાર તટીય જિલ્લાઓમાં મુશળધાર વરસાદ વરસ્યો છે જેના પગલે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઇ

ચેન્નાઈ, તા.૧૯

હિંગ મહાસાગરમાં સર્જાયેલા ચક્રવાતને કારણે તામિલનાડુના ચાર તટીય જિલ્લાઓમાં મુશળધાર વરસાદ વરસ્યો છે જેના પગલે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. પૂરના કારણે થૂથુકુડી જિલ્લાના શ્રીવૈકુંતમમાં અંદાજે ૮૦૦ રેલવે મુસાફરો અટવાયા છે. રાજ્યમાં વણસથી સ્થિતિ વચ્ચે વડાપ્રધાન સાથે મુખ્યમંત્રીએ મુલાકાતનો સમય માંગ્યો છે.

તામિલનાડુના ચાર તટીય જિલ્લા તિરુનેલવેલી, થૂથુકુડી, કન્યાકુમારી અને તેનકાસીમાં વરસાદને પગલે ભારે પૂર આવ્યુ છે. થૂથુકુડીમાં અત્યાર સુધીમાં ૫૨૫ મીમીથી વધુ વરસાદ નોંધાયો છે. પૂર્ને ધ્યાનમાં રાખીને દક્ષિણ રેલવેએ ૧૫ ટ્રેનો રદ કરી છે જ્યારે અનેક ટ્રેનોના રૂટમાં ફેરફાર કર્યા છે. પૂરના કારણે અત્યાર સુધીમાં ૭૫૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. હવામાન વિભાગે આગામી ૨૪થી ૪૮ કલાક ભારે વરસાદની આગાહી કરી છે જેના પગલે સ્કુલ-કોલેજો તેમજ બંધ રાખવામાં આવી છે. પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાહત અને બચાવ કાર્ય માટે દ્નઇહ્લ અને સ્થાનિક આપત્તિ રાહત દળોના ૨૫૦થી વધુ જવાનોને કન્યાકુમારી, તિરુનેલવેલી, તુતીકોરીન અને તેનકાસી જિલ્લામાં અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવ્યા છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## રાજ્યમાં હળવા વરસાદની સંભાવના

# આગામી દિવસોમાં રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદની સંભાવના

### અમરેલી, પોરબંદર, દ્વારકામાં કમોસમી વરસાદની શક્યતા સેવાઈ રહી છે. તો કચ્છ સહિત રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે

અમદાવાદ, તા.૧૯

રાજ્યના હવામાન વિભાગ દ્વારા ફરી એક વખત માવઠાની આગાહી આપવામાં આવી છે. આગામી દિવસોમાં રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. અમરેલી, પોરબંદર, દ્વારકામાં કમોસમી વરસાદની શક્યતા સેવાઈ રહી છે. તો કચ્છ સહિત રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વરસાદની આગાહીના લીધે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

હવામાન વિભાગે ભર શિયાળે વરસાદની આગાહી કરતા ખેડૂતોના જીવ પડિકે બંધાયા છે. દરિયા કિનારાના વિસ્તારોમાં હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. અત્રે જણાવીએ કે, છેલ્લા બં દિવસથી ઠંડીનો પારો પણ ગગડ્યો છે. અત્યારે ગુજરાતના વિવિધ શહેરોમાં તાપમાન ૨થી૩ ડિગ્રી ઘટ્યું છે. ત્યાર આ બધાની વચ્ચે વરસાદની આગાહી કરાઈ છે. ભેજ સાથે પવન આવતા વરસાદી માહોલ રહી શકે છે તેમજ ઉત્તર પૂર્વના પવન અને ભેજને લઈને ક્યાંક વરસાદી ઝાપટા પડશે. સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૧.૮ ડિગ્રી આસપાસ નોંધાયું છે. વધુમાં કહ્યું કે, અમદાવાદમાં ૧૫.૫ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

પવનની ગતિના કારણે આજે ઠંડી ભારે ચમકારો જોવા મળ્યો છે. આગામી ત્રણ દિવસ બાદ તાપમાનમાં એક ડિગ્રી ઘટી શકે શકે તેમ પણ હવામાન વિભાગે જણાવ્યું છેશિયાળાની સિઝન શરૂ બાદ જ હવે ધીમે ધીમે રાજ્યમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે, ગુલાબી ઠંડીનું જોર વધતા લોકો તાપણાનો સહારો પણ લેતા જોવા મળી રહ્યા છે. જ્યારે બીજી તરફ કેટલાક લોકો ઠંડીમાં પર્યટક સ્થળો ફરવા જવાનું વધુ પસંદ કરી રહ્યાં છે. જો કે, વહેલી સવારે ગુલાબી ઠંડીમાં મોનિંગ વોક માટે જતા લોકોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. તો વળી કેટલાક લોકો ઠંડીનું પ્રમાણ વધતા લોકો ઘરમાં જ પૂરાઈ રહેવાનું વધારે પસંદ કરી રહ્યા છે.

રાજ્યમાં ગુલાબી ઠંડી દસ્તક દેતા ખેડૂતોમાં આનંદ છવાયો છે. ચાલો જાણીએ આજે મોટો શહેરમાં કેટલું તાપમાન છે.

અત્રે જણાવીએ કે, અમદાવાદ શહેરમાં આ સિઝનમાં પહેલીવાર ગઈકાલે તાપમાન ૧૩.૩ ડિગ્રી નોંધાયો હતો.

## સરકાર સામે અનોખો વિરોધ

# ધોરાજીના ખેડૂતે ખેતરમાં જ ડુંગળીના ઢગલામાં લગાવી સમાધિ

### ખેડૂતોએ ડુંગળીની નિકાસબંધી અને ઘટતા ભાવ વચ્ચે પોતાના જ ખેતરમાં ડુંગળીના ઢગલામાં સમાધિ લગાવી છે

ધોરાજી, તા.૧૯

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળીને લઈને વિવાદ વકર્યો છે. સત્તા પક્ષ અને વિપક્ષી બન્ને ડુંગળી મામલે સામે સામે નિવેદનબાજી કરી રહ્યાં છે, તો બીજીબાજુ રાજ્યના ડુંગળી પકવતા ખેડૂતો સરકાર સામે વિરોધનો સૂર રેલી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસબંધ કરી છે અને હવે તેની સાથે સાથે ડુંગળીના ભાવોમાં પણ જોરદાર ઘટાડો આવ્યો છે. ખેડૂતોના પડ્યા પર પાટુ જેવી સ્થિતિ પેદા થઈ છે. આ બધાની વચ્ચે હવે ધોરાજીના ખેડૂતે અનોખી રીતે સરકાર સામે વિરોધ નોંધાવ્યો છે. ખેડૂતો પોતાના ખેતરમાં જ ડુંગળીની વચ્ચે સમાધિ લગાવી દીધી છે. હાલમાં જ સામે આવેલા સમાચાર પ્રમાણે, ધોરાજીના ખેડૂતોએ ડુંગળીની નિકાસબંધી અને ઘટતા ભાવ વચ્ચે પોતાના જ ખેતરમાં ડુંગળીના ઢગલામાં સમાધિ લગાવી છે.

હાલમાં ખેડૂતોનો આ વીડિયો ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. ધોરાજીના એક ખેતરમાં એક ખેડૂતો પોતાના માથા સુધી ડુંગળીનો ઢગલો કર્યો છે અને તેમાં તે સમાધિ લગાવેતો દેખાઈ રહ્યો છે. ખેડૂતોનો આરોપ છે કે, અત્યારના સમયે રાજ્યના ડુંગળી પકડવા ખેડૂતોના ખેતરમાં ડુંગળીનો તૈયાર પાક રઝળી રહ્યો છે. પૂરતા પોષણક્ષમ ભાવ નથી મળી રહ્યાં, અને નિકાસબંધી લાગુ છે.

આવી સમસ્યાઓનું સરકારે સત્વરે સમાધાન કરવું જરૂરી છે. ડુંગળીની સમસ્યાનુ નિરાકરણ કરવાની ખેડૂતો માંગ કરી રહ્યાં છે. આ વિરોધમાં ધોરાજી ઉપરાંત ઉપલેટા, ભાયાવદર સહિતના ગામોના ખેડૂતો જોડાયા છે, અને ડુંગણી પરની નિકાસ પ્રતિબંધી હટાવવા માંગ કરી રહ્યાં છે.

## આઈપીએલમાં બોલર્સ માટે સારા સમાચાર

# આઈપીએલમાં બોલર્સ એક ઓવરમાં બે બાઉન્સર્સ ફેંકી શકશે

### હજુ સુધી આ નવા નિયમ અંગે બીસીસીઆઈ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી

દુબઈ, તા.૧૯

આજે દુબઈમાં આઈપીએલ ૨૦૨૪ માટે ઓક્શનનું આયોજન કરવામાં આવશે. પરંતુ તે પહેલા બોલર્સ માટે સારા સમાચાર સામે આવ્યા છે. મળેલા અહેવાલો મુજબ આઈપીએલ ૨૦૨૪માં કેટલાંક નિયમ બદલાશે અને કેટલાંક નવા નિયમો બનાવવામાં આવશે. આઈપીએલ ૨૦૨૩ પહેલા પણ ઈમ્પેક્ટ પ્લેયર અને નો બોલ, વાઈડ બોલને રિવ્યુ કરવાનો નિયમ આવ્યો હતો. મીડિયા અહેવાલો મુજબ આઈપીએલની આગામી સિઝનમાં બોલર્સ એક મેચની દરેક ઓવરમાં ૨ બાઉન્સર્સ ફેંકી શકશે. અત્યાર સુધી આઈપીએલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જેવા નિયમો હતો, જે મુજબ બોલર એક ઓવરમાં માત્ર એક જ બાઉન્સર ફેંકી શકતો હતો. એક બાઉન્સરથી વધુ ફેંકવા પર તેને નો બોલ માનવામાં આવતું હતું. જો કે હવે આઈપીએલમાં આવું નહીં થાય. પરંતુ હજુ સુધી આ નવા નિયમ અંગે બીસીસીઆઈતરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. દર વર્ષે આઈપીએલમાં કેટલાક નવા નિયમો ઉમેરવામાં આવે છે. ગત વર્ષે આઈપીએલમેચોમાં ઈમ્પેક્ટ પ્લેયર નિયમની ઘણી અસર થઈ હતી. કેટલાક લોકોને આ નિયમ પસંદ આવ્યો તો કેટલાક લોકોએ તેનો વિરોધ પણ કર્યો હતો. આ ઉપરાંત વાઈડ અને નો બોલના કિસ્સામાં પણ બેટ્સમેનને રિવ્યુ કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો, જેથી જો તેને કોઈ શંકા હોય તો તે પોતે જ તેનું નિરાકરણ કરી શકે.

# અમરેલી : શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાનાં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓ અને રમતવીરોનો સન્માન સમારોહ યોજાયો






શ્રીમતી શાન્તાબેન હરિભાઈ ગજેરા સ્કૂલનાં વિદ્યાર્થીઓની ગાયત્રી તીર્થ શાન્તિકુંજ, હરિદ્વાર આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા નવેમ્બર ૨૦૨૩માં યોજાઈ હતી. જેમાં ૫૦૦ જેટલા ધો.૫ થી ૧૨નાં વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ભાગ લીધો હતો. જેમાંથી શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓ માટે સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સંસ્થાનાં ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ કર્યુ હતુ. સમર્થ વ્યાયામ મંડળનાં પ્રમુખ સાવલીયાએ વિદ્યાર્થીઓની પ્રતિભા ખીલવવા સંસ્થા દ્વારા સન્નિષ્ઠ પ્રયાસોને બિરદાવ્યા હતાં અને વિદ્યાર્થીઓ વધારે મહેનત કરી શાળા અને પરિવારનું ગૌરવ વધારે તેવા પ્રોત્સાહક વિચારો રજૂ કર્યા હતાં. ગાયત્રી પરિવાર ચલાલાથી ખાસ ઉપસ્થિત બિપીનભાઈ ભરાડે ગાયત્રી પરિવાર દ્વારા ભારતીય સંસ્કૃતિનું શિક્ષણ, સંસ્કાર, અને શિસ્તનાં પાઠ મળે તેવી વાર્તાઓ અને વિચારો વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય તેવા શુભ આશયથી આ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થી ભારતીય સંસ્કૃતિનાં ભવ્ય વારસાથી પરિચિત થઈ વ્યકિત, કુટુંબ સમાજ અને રાષ્ટ્ર માટે ઉમદા ગુણો જીવનમાં પ્રાપ્ત કરે તેવી શુભકામના વ્યકત કરી હતી. વિદ્યાર્થીઓને ટ્રસ્ટીઓનાં હસ્તે પુસ્તક તથા સર્ટીફીકેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સાથે સાથે ડીએલએસએસ અમરેલીનાં વિદ્યાર્થીઓ જેઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત કરનાર ધનવાણીયા પ્રણવ, ધાંધલ વિધિ, વાળા રોશનબા, નકુમ માર્ગી, ગામી વનિતાને ટ્રસ્ટીઓનાં હસ્તે સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાનાં મંત્રી ચતુરભાઈ ખુંટ, ટ્રસ્ટી ડાયાભાઈ ગજેરા, ગોવિંદભાઈ ગોંડલીયા, મનસુખભાઈ બોદર, એમ.કે. સાવલીયા, ખોડાભાઈ સાવલીયા, રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા બીપીનભાઈ ભરાડ તેમજ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્યો અને વિદ્યાર્થી ભાઈ–બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા વિદ્યાર્થીઓનાં સન્માન કાર્યક્રમ બદલ શુભકામના પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સીપાલ વિપુલભાઈ સાવલીયાએ કર્યુ હતું. આભારવિધિ પ્રિન્સીપાલ કરણભાઈ પંડયાએ કરી હતી. ખૂબ જ ઉત્સાહનાં વાતાવરણમાં સન્માનવિધિ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## હાર્ટ એટેકથી નિધન

થતાં ખાંભા ગામ તથા બાબર સમાજમાં શોક ફેલાયો. છેલ્લા થોડા મહિનાથી ગુજરાતમાં બાળકો, યુવાનોમાં હાર્ટ એટેક આવવાથી મોતના બનાવો બની રહ્યા છે જેમાં ઉમેરો થતો હોય તેમ ખાંભા બાબર સમાજના નિરોગી યુવાન હરેશભાઈ લાખાભાઈ દેવેરા ઉંમર વર્ષ ૪૦ નું તારીખ ૧૯/૧૨/૨૩ નાં રાત્રીના ત્રણ વાગ્યે છાતીમાં દુઃખાવો થતા ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરેલ ત્યાં સારવાર અપાય તે પહેલા હરેશભાઈનું અવસાન થતાં ખાંભા ગામ તથા ખાંભા બાબર સમાજમાં શોકની લાગણી ફેલાવવા પામી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી–બાબરા અને ચાવંડ વચ્ચે

દાયકાથી કરવામાં આવી રહી છે. જયરે રાજકોટ–ભાવનગર ફોરલેન માર્ગ મંજૂર થયો તે સમયે અમરેલીનાં રાજકીય આગેવાનો જાગૃત બન્યા હોત તો દાયકાથી માર્ગ બની ગયો હોત.

પરંતુ જાગ્યા ત્યારથી સવાર નાગેશ્રી–અમરેલી–બાબરા– ચોટિલા વચ્ચેના માર્ગની જવાબદારી એકાદ વર્ષથી નેશનલ હાઈવે વિભાગે સંભાળી લીધી છે અને હવે અમરેલીનાં નેતાઓ યુધ્ધનાં ધોરણે અમરેલી– બાબરા અને અમરેલી–ચાવંડ વચ્ચેનાં માર્ગને ફોરલેન બનાવવા માટે નેશનલ હાઈવેનાં મંત્રીને રજૂઆત કરે તેવી માંગ ઉભી થઈ રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં ''રાજમહેલ''ની હાલત

લાગણી ઉભી થાય છે.

જો કે "અમરેલી એકસપ્રેસ" દૈનિકે રાજમહેલની દુર્દશા દૂર કરવા અવારનવાર આક્રમક રીતે અહેવાલ પ્રસિધ્ધ કરતાં અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાએ "અમરેલી એકસપ્રેસ"ને ખાત્રી આપી કે રાજમહેલની ઓખળને ભૂલી જવામાં નહી આવે અને તેઓની રજૂઆતથી રાજમહેલની મરામત અને ઐતિહાસિક ઈમારતની કાયાપલટ માટે કરોડો રૂપિયાની રકમ મંજૂર કરાવી દીધી છે અને આગામી બે વર્ષમાં રાજમહેલમાં મ્યુઝિયમ, લાયબ્રેરી કે અન્ય સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

પાના ૮ ઉપરનું ચાલું

## કૃષ્ણનગર–ધારી રૂટની બસમાં

કરતા તેણીએ જણાવેલ કે તેઓ અમદાવાદથી એસ.ટી. બસમાં બેઠેલ હતા અને તે સમય દરમિયાન તેણીને નિંદ્રા આવતા તેઓની બાજુની સીટમાં બેઠેલ આશરે ૬૦ થી ૬૫ વર્ષના વૃદ્ધ વ્યક્તિએ આપીડિતાની નિંદ્રાનો લાભ ઉઠાવી તેમજ ખરાબ નજર રાખી ચેનચાળાને અડપલા કરેલ હતા. જેથી આ યુવતીએ બસમાં આ બનાવ અંગે જાણ કરી અને તે છેડતી કરનાર વ્યકિત સામે વિરોધ કરતા તે વ્યકિત બસમાંથી ઉતરવાના પ્રયાસ કરેલ. આથી આ પીડિતા એ ૧૮૧ ની મદદ માંગેલ.

જેથી ટીમ દ્વારા આ છેડતી કરનાર વ્યકિત સાથે વાતચીત કરી હકીકત જાણી હતી અને તે વ્યકિતને છેડતી અંગે કાયદાકીય માહિતી આપી હતી તેમજ આ પીડિત યુવતીએ બીજા જિલ્લાવતની હોય અને તેઓને અગત્યના કામથી ત્યાં જવાનું હોય આથી તેઓને આગળ કોઈ કાયદાકીય કાર્યવાહી કરવી હતી નહિ, પરંતુ તેઓ સાથે જે કૃત્ય અને વર્તન થયું તેવું આ વ્યકિત બીજી કોઈ યુવતી કે મહિલા સાથે વર્તન ના કરે તે અંગે સબક શીખવાડવો હોય જેથી ટીમ દ્વારા આ વ્યકિતને કડક શબ્દોમાં કાયદાકીય માહિતી આપી કાયદાનું ભાન કરાવી યોગ્ય સૂચન આપેલ. તેમજ આ બનાવ અંગે તે વ્યકિતના પરિવારજનોને જાણ કરેલ અને તેમજ તે વ્યકિતને તેઓની ભૂલનો અહેસાસ કરાવી. અભયમ ટીમ દ્વારા તે છેડતી કરનાર વ્યકિતને પીડિતા પાસે માફી મંગાવી હતી. અને હવે આજ પછી કોઈ દિવસ કોઈપણ યુવતી કે મહિલા સાથે આવું અભદ્ર વર્તન નહિ કરે તે અંગે ૧૮૧ અભયમ ટીમ દ્વારા લેખિતમાં બાંહેધરી લેવામાં આવેલ હતી. તેમજ આ વ્યકિતની બાહેધરી મેળવીને હવે પછી આવી ગુનાહિત પ્રવૃત્તિઓથી દૂર રહેવા કડક શબ્દમાં તાકીદ કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## હિંડોરણા ખાતે વ્હેલી સવારે

જી.જે.–૧૪ ડબલ્યુ–૨૯૯૯ વાળા ટ્રકની ડીઝલ ટેન્કમાંથી આશરે લીટર ૧૧૫ તથા સાવજભાઈ લાખણોત્રાના ટ્રક નં. જી.જે.–૧૪ ડબલ્યુ–૧૭૭૬ વાળા ટ્રકની ડીઝલ ટેન્કમાંથી આશરે લીટર ૯૦ તેમજ રાકેશભાઈ ગેરેજવાળાના ટ્રક નં. જી.જે.–૦૩ એએકસ–૫૧૯૦ વાળા ટ્રકની ડીઝલ ટેન્કમાંથી આશરે લીટર ૧૧૦ મળી કુલ ડીઝલ આશરે લીટર ૪૪૦ કુલ કિંમત રૂા. ૪૦,૪૮૦ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ચિતલ–અમરેલી માર્ગ ઉપર

હાજરી આપવા ટુવ્હીલ ઉપર જઈ રહેલા ખાંભા નજીક જીકીયાળી ગામનાં પતિ પત્નિ અને સાસુ–પોતાનાં ટૂવ્હીલ હોન્ડા (જી.જે. ૧૪ એ.સી. ૪૦૯૮) પર બાબરાથી ચિત્તલ નજીક વેરહાઉસ (મહાદેવ જીન પાસે) સવારે ૬:૩૦ કલાકે માતેલા સાંઢની જેમ પુરપાટ ઝડપે અમરેલી તરફથી આવતુ અજાણ્યુ વાહન (ટ્રક) જીવલેણ ઠોકર મારી ફરાર થઈ ગયું છે. મોટર સાઈકલ ચલાવનાર જીકીયાળી ગામના હરદેવભાઈ મનુભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૫) તથા તેમના સાસુ નીમુબેન નાગજીભાઈ જાળી (ઉ.વ. ૫૫) બાબરાનું ઘટના સ્થળે મોત થયું. જયારે હરદેવભાઈનાં પત્નિ કંચનબેન (ઉ.વ. ૩૦) નજીવી ઈજા સાથે બચી ગયા છે. આ બનાવ અંગે તાલુકા પોલીસ પી.એસ.આઈ. એસ.એ. આસ્નાની તથા ચિત્તલ પોલીસ સ્ટાફે બધાને ચિત્તલ સરકારી દવાખાનામાં ૧૦૮ મારફત લઈ ફરજ પરનાં ડોકટરે મૃત જાહેર કરી પી.એમ. માટે ખસેડેલ તથા જરૂરી કાગળો કરી અજાણ્યા ટ્રક ચાલક સામે ગુન્હો નોંધી ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે. ફોરલેન બને તેવી લોક માંગણી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## લીલીયા પંથકમાં ફરતા વયોવૃદ્ધ સિંહની

પશુઓના અવશેષો પર જઈને મીજબાની માણવાના પ્રયત્નો કરતો હોવાનું સિંહ પ્રેમીઓ જોઈ રહ્યા છે ને શિકાર આરોગી શકવાની પણ અશક્ષમતા હોય તેવી અવદશામાં ડાલા મથ્થો સિંહ છેલ્લા એક અઠવાડિયાથી આંટા ફેરા કરી રહ્યો છે પણ સિંહોની સુરક્ષાની જવાબદારી નિભાવતું લીલિયા નું વનતંત્ર ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવતું હોવાનો ઘાટ ઘડાયો છે. સિંહ પ્રેમીઓમાંથી મળતી માહિતી મુજબ આ ડાલામથ્થો સિંહ વયોવૃદ્ધ થઈ ગયેલો છે પણ સિંહની કાળજી લેવાને બદલે લીલીયાનું વનવિભાગ જાણે સિંહ મૃત પામે તેની વાટ જોઈ રહ્યું હોય તેમ આ સિંહને તૈયાર શિકાર કે સ્પેશ્યલ ખોરાક અંગેની વ્યવસ્થા કરી શકવામાં અસમર્થ સાબિત થઈ રહ્યું હોવાની પ્રતીતિ જોવા મળી રહી છે જયારે આ વયોવૃદ્ધ સિંહ અન્ય સિંહ જોડે ઈન્ફાઈટમાં ઈજાગ્રસ્ત પણ થયો હોય તેવું પણ જોવા મળી રહ્યું હોય ત્યારે લીલીયાનું વનવિભાગ વામણું પુરવાર થઈ રહ્યું હોય તેમ સિંહોની સુરક્ષા માટે મસમોટો પગાર લેતા અધિકારીઓ અને કર્મીઓ ૧ વયોવૃદ્ધ સિંહને બચાવવામાં શું કષ્ટ પડે તે સમજાતું નથી !!

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૫ | ૧૪૭૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૩૦૦ | ૩૦૦ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૩ | ૧૪૩૭ |
| ૨ | મગફળી | ૧૧૦૧ | ૧૩૫૯ |
| ૩ | જુવાર સફેદ | ૧૧૨૨ | ૧૩૦૭ |
| ૪ | સોયાબીન | ૮૮૫ | ૮૮૫ |
| ૫ | તલ સફેદ | ૩૧૦૧ | ૩૧૬૨ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૫ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૧૨૨૦ | ૧૩૮૦ |
| ૩ | તલ સફેદ | ૨૬૩૫ | ૨૯૭૫ |
| ૪ | અડદ | ૧૬૧૫ | ૧૭૯૫ |
| ૫ | ઘઉં | ૪૬૧ | ૫૨૯ |
| ૬ | ચણા | ૯૬૬ | ૧૧૪૪ |
| ૭ | સોયાબીન | ૮૮૯ | ૯૧૧ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨ | મગફળી | ૧૦૨૫ | ૧૨૭૫ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૫૩૦ |
| ૪ | ચણા | ૧૦૦૬ | ૧૦૧૩ |
| ૫ | સોયાબીન | ૮૦૫ | ૯૦૪ |
| ૬ | ધાણા | ૯૧૦ | ૧૩૧૯ |
| ૭ | તુવેર | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૮ | અડદ | ૧૬૫૧ | ૧૭૩૫ |
| ૯ | મેથી | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૧૦ | રાજગરો | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૧ | તલ | ૧૭૨૫ | ૩૦૦૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૧૦ | ૧૩૨૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૦ | ૧૪૩૦ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૬૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૨૨૦ | ૩૩૪૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૧૯૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૫૭૫ | ૪૦૧૧ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૧૧૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૪૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૯૬ |
| ૧૦ | મગ | ૧૦૨૨ | ૧૬૯૮ |
| ૧૧ | ચણા | ૭૫૬ | ૧૧૭૦ |
| ૧૨ | તુવેર | ૧૩૦૦ | ૧૮૯૬ |
| ૧૩ | કપાસ | ૯૯૨ | ૧૪૪૬ |
| ૧૪ | એરંડા | ૯૫૦ | ૧૧૦૮ |
| ૧૫ | જીરૂ | ૭૧૦૦ | ૭૫૭૫ |
| ૧૬ | ધાણા | ૧૧૬૫ | ૧૪૩૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૮૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૯૧ |
| ૩ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૩૦૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૩૬૦ |
| ૫ | કપાસ | ૧૧૦૦ | ૧૪૩૬ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૯ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૧૭ |
| ૯ | જુવાર | ૭૫૦ | ૧૨૦૮ |
| ૧૦ | મકાઈ | ૪૪૦ | – |
| ૧૧ | મગ | ૧૮૬૦ | – |
| ૧૨ | અડદ | ૧૨૦૦ | ૧૬૧૫ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૧૬૦ |
| ૧૪ | સોયાબીન | ૯૦૦ | ૯૩૦ |
| ૧૫ | તુવેર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૧૬ | એરંડી | ૯૦૦ | ૧૧૨૫ |
| ૧૭ | ધાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ૨ | ચણા | ૮૫૦ | ૧૧૪૩ |
| ૩ | ધાણા | ૧૦૩૫ | ૧૩૪૯ |
| ૪ | સોયાબીન | ૮૫૦ | ૮૯૫ |
| ૫ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૧૩૦ |
| ૬ | મગફળી | ૯૦૩ | ૧૨૨૩ |
| ૭ | બાજરો | ૪૭૩ | ૪૭૩ |
| ૮ | ઘઉં લોકવન | ૫૧૮ | ૫૫૩ |
| ૯ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | તલ કાળા | ૩૦૭૦ | ૩૧૦૦ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૨ |
| ૧૩ | અડદ | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૧૪ | લસણ | ૨૬૫૦ | ૨૬૫૦ |
| ૧૫ | રજકાબી | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૧૬ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૦ | ૧૪૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૯૨૫ | ૩૦૫૧ |
| ૩ | તલ પીળા | ૨૮૫૦ | ૨૮૫૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૧૧ |
| ૫ | બાજરો | ૪૪૮ | ૫૫૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૭૦૬ |
| ૭ | જુવાર | ૬૭૦ | ૧૨૧૭ |
| ૮ | મકાઈ | ૪૮૧ | ૪૮૧ |
| ૯ | મગ | ૧૫૦૨ | ૨૧૨૨ |
| ૧૦ | મઠ | ૧૫૪૭ | ૧૫૪૭ |
| ૧૧ | અડદ | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૧૨ | તુવેર | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૦૨૨ |
| ૧૪ | તલ પીળા | ૩૬૦૦ | ૩૬૭૫ |
| ૧૫ | ધાણા | ૧૦૮૧ | ૧૨૦૧ |
| ૧૬ | સોયાબીન | ૮૭૧ | ૯૦૦ |

# લીલીયા મોટા ખાતે અયોધ્યામાં રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત બેઠક મળી






લીલીયા મોટા ખાતે રામ ભક્તો અને ધર્મ પ્રેમી જનતાની ઉપસ્થિતિમાં એક અગત્યની મીટીંગનું આયોજન કરવા માં આવેલ જેમાં અયોધ્યામાં ભગવાન શ્રી રામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ૨૨ જાન્યુઆરીએ ધામધૂમથી ઉજવણી કરવામાં આવે જેના અનુસંધાને એક વિસ્તૃત બેઠક મીટીંગનુ આયોજન લીલીયા શાંતાબેન કન્યા વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું જેમાં મળેલ મીટીંગમાં ભિખુભાઈ જોષી, પ્રણવભાઈ ભિમાણી, નિલેશભાઈ વિસાણી સમગ્ર કાર્યક્રમ કેવી રીતે ઉજવવો તે અંગે માહિતી આપવામાં આવેલ હતી આ બેઠકમાં આ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના સંયોજક દિનેશ સંગતાણી,સહ સંયોજક,સુરેશ શેખલીયા, પરીનભાઈ સોની, કીશોરભાઈ પાઠક, વિશ્વ હિન્દુ પરિષદના લીલીયાના પ્રમુખ નિલેશભાઈ શેખલિયા, બજરંગ દળ ના મિતભાઈ સોળિયા, ભનુભાઈ ડાભી, મગનભાઈ વિરાણી, અરૂણભાઈ પટેલ, જીજ્ઞેશ સાવજ, ગોવિંદ ભાઈ ચાવડા, ડો.કુભાણી, આર.બી.ભાલાળા, મેરામભાઈ ગરણીયા,બાલાભાઈ મેઘાણી, જયેશભાઈ મહેતા, સવજીભાઈ ભડકોલીયા, જીતુભાઈ પાઠક, દશરથભાઈ જોષી, રાજુભાઈ સાપરીયા, વિજયભાઈ ભાલાળા, પંકજભાઈ વાળા,અનિલભાઈ વાળા, જયમિન પાઠક, નીતિન ડુંગરિયા, મગનભાઈ શિંગાળા, તેમજ રામભક્તો હાજર રહ્યા હતા આ તકે પૂર્વ તાલુકા ભાજપ અધ્યક્ષ બાબુભાઈ ધામત દ્વારા લીલીયા ગામ અને તાલુકાના ૩૭ ગામથી આવેલા રામભક્તોને કાર્યક્રમમાં આપણે શું કરી શકાય એના વિષે વિસ્તૃત માહિતી આપી હતી આ તકે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત મિતેષભાઈ પંડયા દ્વારા કરવામાં આવેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કમલેશભાઈ અગ્રાવતે કર્યુ હતું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### પશુ સંવર્ધન અને કૃષિ વિકાસમાં કાર્યરત સંસ્થાના સહયોગથી

# કોવાયા : અલ્ટ્રાટેક સિમેન્ટ વર્કસ દ્વારા ખેડૂત પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન થયું

### લોઠપુર, ભાકોદર, વારાહસ્વરૂપના ખેડૂતોએ લાભ લીધો



કોવાયા, તા. ૧૯

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ ના CSR વિભાગ દ્વારા ખેડૂત પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરાયું. અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ ના CSR વિભાગ દ્વારા સરકારના બાગાયતી વિભાગ તથા પશુ સંવર્ધન અને કૃષિ વિકાસમાં કાર્યરત એવી BAIF સંસ્થા સાથે મળીને જૈવિક ખેતી, બાગાયતી પાક અંગે તથા સરકારની વિવિધ યોજના અંગે વિસ્તાર પૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું અને કાર્યક્રમમાં આસપાસના ગામો જેવા કે લોથપુર, ભાકોદર, વારસૃપમાંથી ૩૪ જેટલા ખેડૂતો એ ભાગ લીધો.

સાથે સાથે CSR સેન્ટરમાં સંપૂર્ણ પ્રાકૃતિક રીતે બનાવાયેલ બાગાયતી (કિચન ગાર્ડન)નો ડેમો પ્લાન્ટ બતાવી તેમાં ઉપયોગમાં લેવામાં આવેલ, ખાતર, જીવામૃત, જૈવીક રીતે બનાવાયેલ કીટક નાશક અને પરિણામ. સ્વરૂપ સારો પાકનું પ્રત્યક્ષ માર્ગદશન આપવામાં આવ્યું.

આ તાલીમમાં સરકારી બાગાયતી વિભાગના અધિકારી અક્ષયભાઈ ચૌહાણ દ્વારા ખેડૂતોને પોતાની જમીન પોતાની ખેતીની પ્રત્યે નૈતિકતાથી કાર્ય કરવું તથા ખેતીનો એક નાનો હિસ્સો સંપૂર્ણ પ્રકૃતિક ખેતી માટે ફાળવો જોવે જેથી પોતાના ઘર પરિવાર તથા આસપાસના લોકોને રસાયણ મુકત પાક મળી શકે ધીરે ધીરે રસાયણ મુકત ખેતી અપનાવા માટે ખેડૂત ભાઈઓને પ્રોત્સાહિત કરાયા પાકમાં થતી તકલીફો જેવી કે મુડા, સૂકવો, જીવત, ફૂગ તથા અન્ય તકલીફો માટે રસાયણિક દવાઓનો ઉપયોગ અટકાવી જૈવિક દવાઓ તથા પ્રાકૃત પદ્ધતિનો ઉપયોગ કરી શુદ્ધ તથા અઢળક પાક મેળવી શકાય છે.

તે અંગે ખેડુભાઈઓને વિગતવાર માહિતી આપી સાથે સાથે જીવામૃત, કીટક નાશક વગેરે જેવા પ્રકૃતિ રસાયણો ઓછા ખર્ચે કેવી રેતી બનાવવા અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સવિસ્તાર માહિતી આપવામાં આવી ઉપરાંત કયાં અનાજ સાથે કયો બાગાયતી પાક લેવાથી પાક ફાયદો થાય તે અંગે પણ સવિસ્તાર સમજાવવામાં આવ્યું.

સાથે સાથે બાગાયત વિભાગ તરફથી ખેડૂતોને મળતા લાભ સબસીડી અંગે વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં CSR વિભાગની ટીમ, BAIF સંસ્થાના રોહિત જેઠવાનો સફળ પ્રયાસ રહયો.

# સાવરકુંડલાનાં હનીફમુસાએ ગરીબોને ગરમ ધાબળાનું વિતરણ કર્યું



સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા સેવાભાવિ આગેવાન હનીફમુસાએ શિયાળાની ઋતુમાં ઠંડીથી રાહત મળે તેવા આશયથી ગરીબોને ગરમ બ્લેન્કેટનું વિતરણ કરવામાં આવેલ હતું.

સાવરકુંડલા શહેરમાં મુસ્લિમ સમાજમાં સેવાકીય ક્ષેત્રે ખૂબ જ નામના મેળવનાર હનીફમુસા શેખાણી હિન્દૂ મુસ્લિમ સમાજનાં ગમે તેવા તહેવારોમાં તેમજ ઠંડીની ઋતુમાં ગરીબોને સહાય કરવાનું ચુકતા નથી.

હનીફભાઈ મુસાભાઈ શેખાણી (હનીફમુસા) ગરીબોના બેલી તરીકે અને દાતા તરીકે છાપ ધરાવે છે હાલ ઠંડીની ઋતુ માં હિન્દૂ મુસ્લિમ કોઈપણ જ્ઞાતિનાં ગરીબ માણસોને ગરમ બ્લેન્કેટનું વિતરણ કરેલ છે. જેમાં ૨૦૦ આસપાસ બ્લેન્કેટ ગરીબોને આપવામાં આવેલ હતા. આ ગરીબોને હનીફમુસા દ્વારા વિતરણ અથવા સહાય કરવામાં આવે છે. તેમ કોઈપણ લોભ લાલચ કે સ્વાર્થ વિના ગરીબોને મદદ કરે છે તેવી વાતથી શહેરમાં પ્રચલિત થયેલ છે.

### ચાલકે સ્ટીયરીગ પરનો કાબુ ગુમાવ્યો

# ઉના : ઝુડવડલી ગામના ફાટક પાસે ડુંગળી ભરેલ ટ્રક પલ્ટી જતાં દોડધામ

### ડ્રાઈવર અને કલીનર બન્ને ઈજાગ્રસ્ત



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૧૯

ઉના ગીર ગઢડા રોડ પર આવેલ ઝુડવડલી ગામના ફાટક પાસે ડુંગળી ભરેલી ટ્રક પલટી ખાતા ડ્રાઈવર કંડકટરને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતાં.

પ્રાપ્ત વિગત અનુસાર ગીર ગઢડા રોડ તરફથી ડુંગળી ભરી જીજે ૦૧ બીવી ૧૩૦૨ નં.નો ટ્રક ઉના તરફ આવી રહેલ હોય ત્યારે ઝુડવડલી ગામના ફાટક પાસેનાં વળાંક પાસે પહોંચતા ટ્રક ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક પલ્ટી ખાઈ ગયો હતો. ત્યારે આ અકસ્માત સર્જાતા લોકોનાં ટોળા એકઠા થયા હતા અને ડ્રાઈવર કંડકટરને ટ્રકની બહાર કાઢી ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર અર્થે ખસેડયા હતાં. જેમાં ડ્રાઈવર અને કંડકટરને ગંભીર ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

### દરબાર સાહેબની પ્રતિમાને સુતરની આટી પહેરાવીને

# ગોપાલગ્રામ ખાતે સ્વાતંત્ર્ય સેનાની ગોપાલદાસ દેસાઈની જન્મજયંતિની ઉજવણી

### એક વિદ્યાર્થીનીએ આબેહુબ પાત્ર ભજવ્યું



અમરેલી, તા.૧૯

ધારી તાલુકાના ઐતિહાસિક ગામ ઢસા (હાલનું ગોપાલગ્રામ) ખાતે પ્રજાવત્સલ ત્યાગી રાજવી અને સત્યાગ્રહી સ્વાતંત્ર્યસેનાની દરબાર સાહેબ ગોપાળદાસ દેસાઈની ૧૩૬મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી.


અત્રે તેમનાં દરબાર ગઢમાં આવેલ ભક્તિબા ગોપાળદાસ દેસાઈ કન્યાશાળામાં પૂ.દરબાર સાહેબની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ સાથે ગામનાં આગેવાનો દ્વારા ભાવવંદના કરવામાં આવી.આ તકે ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટના પ્રમુખ અને ગામના વરિષ્ઠ આગેવાન શંભુભાઈ વાડદોરિયાએ દરબાર સાહેબને શબ્દાંજલિ આપતાં તેમની જનતા પ્રત્યેની લાગણી, રાષ્ટ્રપ્રેમ, સાદગી અને શિક્ષણને પ્રાધાન્ય આપતાં પ્રેરણાદાયી જીવન પ્રસંગો વિશે વાત કરી હતી. કન્યા શાળાની વિદ્યાર્થીની કુ.નિરજા ગૌસ્વામીએ રાજવી ગોપાળદાસ દેસાઈનું પાત્ર ભજવી દરબાર સાહેબનો પરિચય આપ્યો હતો. બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં.

આ તકે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને ગોપાલગ્રામ ગ્રામ પંચાયતના હરેશભાઈવાળા, ઉપસરપંચ ગૌતમભાઈ વાળાના હસ્તે પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી કિર્તીભાઈ ભટ્ટ, સૂરેશભાઈ વાડદોરિયા, વસંતભાઈ અગ્રાવત, પ્રતાપગીરી ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભક્તિબા કન્યા શાળાનાં આચાર્ય રસીદાબેન સંવટ, મેઘાબેન પંડયા, ઈન્દુબેન રૂપારેલિયા,સીમાબેન ઠાકર,દેવેનભાઈ ભટ્ટ,મોનિકભાઈ ડોબરિયા તેમજ કુમાર શાળાના આચાર્ય રજનીકાંત દાફડા, શ્રદ્ધાબેન માધડ, દિવ્યાબેન અજાણી, હસ્મિતાબેન વઘાસિયા, ચિરંજયભાઈ ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી તેમ ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

# અમરેલીના મોટા આંકડીયા ખાતે વિકસિત ભારત સંકલ્પયાત્રાનું સ્વાગત

### ગ્રામજનોને વિવિધ સહાયનો લાભ લેવા અનુરોધ



અમરેલી તા.૧૯

અમરેલી જિલ્લાના વિવિધ ગામોમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથ પરિભ્રમણ કરી રહ્યા છે. આ કડીના ભાગરૂપે સોમવારે અમરેલી તાલુકાના મોટા આંકડીયા ખાતે ' વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી – કુંકાવાવ – વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ૮૬૭ નાગરિકોના સ્વાસ્થ્યની તપાસણી આરોગ્ય કેમ્પ અંતર્ગત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત તમામ ૮૬૭ વ્યકિતઓની ટી.બી. રોગ અંગેની પણ ચકાસણી કરવામાં આવી હતી. કાર્યક્રમના માધ્યમથી ''મારૂ ભારત'' અંતર્ગત ૧૫૦ સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા સ્થળ પર નાયબ મુખ્ય દંડકના હસ્તે ૦૩ આયુષમાન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સ્થળ પર નવા ૧૧ આયુષ્માન કાર્ડ તૈયાર કરવામાં આવ્યા હતા. ગામના ૦૫ વ્યકિતઓની પી.એમ.યુ.વાય. હેઠળ નોંધણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ ગ્રામજનોને કેન્દ્ર તેમજ રાજય સરકારની વિભિન્ન યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ વિકસિત ભારતના નિર્માણ હેતુથી યોગદાન આપવાનો સંકલ્પ લીધો હતો. કાર્યક્રમમાં સોઈલ હેલ્થ કાર્ડ નિદર્શન, 'મેરી કહાની મેરી ઝુબાની' અંતર્ગત લાભાર્થીઓનો વાર્તાલાપ થયો હતો અને છંટકાવ માટે ડ્રોનના ઉપયોગનું નિદર્શન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'ધરતી કહે પુકાર કે' નાટક દ્વારા પ્રાકૃતિક કૃષિ બાબતે જાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી. કાર્યક્રમમાં પદાધિકારીઓ, અધિકારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સોસાયટી ફોર બ્રાઇટ ફયુચર ગુજરાત દ્વારા

# સાવરકુંડલા ખાતે બ્લેન્કેટ વિતરણનું આયોજન કરવામાં આવ્યું

### સેવાભાવીઓએ ભારે જહેમત ઉઠાવી



સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા ખાતે સોસાયટી ફોર બ્રાઈટ ફયુચર (SBF) કે જે ડિઝાસ્ટર મેનેજમેન્ટ (આપદા પ્રબંધક)માં રાહત કાર્ય કરે છે, અત્યારે સમગ્ર દેશમાં ભારે ઠંડી પડી રહી છે, દર વર્ષે SBF દ્વારા સમગ્ર ભારતમાં બ્લેન્કેટ વિતરણનું આયોજન કરવામાં આવે છે જેની કળી રૂપે અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં પણ બ્લેન્કેટ વિતરણનું આયોજન કરવામાં આવ્યું જેમાં જરૂરતમંદને બ્લેન્કેટ આપવામાં આવ્યા અને અભિયાન સેવા ટ્રસ્ટની ટીમ સાથે સંકલન કરીને આ કાર્ય કરવામાં આવ્યું હતું.

અમરેલી ખાતે અભિયાન સેવા ટ્રસ્ટ દ્વારા સેવાના કાર્ય હરહંમેશ શરૂ હોઈ જેમાં એમ્બ્યુલન્સ સેવા, મેડિકલ સાધનો ટૂંક સમયમાં સાવરકુંડલા ખાતે એમ્બ્યુલન્સ સેવા, મેડિકલ સાધનો સેવા શરૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સાવરકુંડલાના વેપારીમિત્રો અને કર્મશીલ લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમને સફળ બનાવવા SBFના તમામ હોદ્દેદારો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવ રફીકભાઈ ચૌહાણ, સાવરકુંડલા મેમણ જમાત પ્રમુખ આસિફભાઈ હિંગોરા, એડવોકેટ અજીમ લાખાણી, મોહસીન ધાનાણી, અકબરશેખ, રફીક ચૌહાણ સાવરકુંડલા, વસીમ ધાનાણી, અક્રમ કલીમલી,પત્રકાર અરમાન ધાનાણી, ઈમરાનભાઈ ઝમઝમ, મુસ્તાકભાઈ આલિયાની, નવસદભાઈ, મુબીનભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

### આરટીઆઈ એકિટીવીસ્ટે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# ખાંભા : મામલતદાર કચેરીમાં સીસીટીવી કેમેરા લગાવીને કચેરીને ગ્રાઉન્ડ ફલોરમાં સ્થળાતંર કરો

### અરજદારોનાં હિતમાં નિર્ણય કરવા માંગ કરાઈ

ખાંભા, તા. ૧૯

ખાંભાનાં આરટીઆઈ એકિટીવીસ્ટ ભીખુભાઈ બાંટાવાળાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,૫૭ ગામનાં તાલુકા મંથક એવા ખાંભા ખાતે આવેલ મામલતદાર કચેરીમાં વહીવટ થાય તેવી ઓફિસોમાં સીસીટીવી અગાઉ ફીટ કરવામાં આવેલ પરંતુ અગમ્ય અને વહીવટી કારણોસર પુરવઠા વિભાગ તથા મહેસુલ વિભાગ તેમજ રેવન્યુ તલાટી વિભાગની ઓફિસોમાં સીસીટીવી કેમેરા ફીટ કરાયા નથી કે ફીટ કરાયા બાદ દુર કરાયા હોય તેમ વ્યૂહાત્મક અને અગમ્યનાં સ્થળે સીસીટીવી કેમેરા ચાલુ હાલતમાં ન હોય તાત્કાલિક અસરથી સીસીટીવી કેમેરા ફીટ કરાવવા.

તેમજ મામલતદાર કચેરીની બિલ્ડીંગ બન્યાનાં સમયથી દસ્તાવેજ નોંધણી ઓફિસ મામલતદારની બાજુની ઓફિસમાં ચાલુ કરવામાં આવેલ તેમજ સીસીટીવી કેમેરાથી ઓફિસમાં દસ્તાવેજ નોંધણી થતી પરંતુ અગમ્ય કારણસર દસ્તાવેજ નોંધણી પહેલા માળે ફેરવી નાખવામાં આવતા સીસીટીવી કેમેરા વગરનાં રૂમમાં દસ્તાવેજ નોંધણી ચાલુ કરાતા વિકલાંગો વૃદ્ધો ભારે હાલાકીમાં મુકાતા હોય છે.

તેમજ આધારકાર્ડ – ચુંટણીકાર્ડ સહિતની કામગીરી મામલતદાર કચેરીમાં ગ્રાઉન્ડ ફલોરમાં થતી હતી. જે કામગીરી ન જાણે કોના હિત ખાતર ફેરવવામાં આવી હોય તેમ ઉપરોકત કામગીરી અગમ્ય કારણોસર પહેલા માળે ચાલુ કરાતા વિકલાંગો, વૃદ્ધો, અશકત, બીમાર, ગોઠણનાં જોઈન્ટની તકલીફથી પીડાતા અરજદારોને ના છુટકે પરાણે હેરાન હેરાન થતા દાદર ચડી કાર્ડ કઢાવવા સુધારા કરવા જવાની ફરજ પડે છે. તેમજ ચુંટણીકાર્ડ આધારકાર્ડની કામગીરી કરનાર ઓપરેટર ખુદ વિકલાંગ હોવા છતાં અગમ્ય કારણસર તે પણ રજુઆત કરતા નથી.

ઉપરોકત જનહિતની રજુઆત સંદર્ભે તાત્કાલિક અસરથી બંને ઓફિસો ગ્રાઉન્ડ ફલોરમાં ખાલી રૂમો છે. તેમાં ફેરવવા અંતમાં માંગ કરેલ છે.

### ભોગ બનેલ કર્મચારીએ ડેપો મેનેજરને પત્ર પાઠવ્યો

# અમરેલી એસ.ટી.નાં એક કર્મચારીને માનસિક હેરાનગતિ કરાતી હોવાનો આક્ષેપ

### ખોટી રીતે ફરજ મોકુફ કર્યાનું જણાવ્યું

અમરેલી, તા. ૧૯

અમરેલી એસ.ટી. ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતાં પંકજભાઈ વ્યાસે ડેપો મેનેજરને પત્ર પાઠવીને તેમને ખોટી રીતે સંડોવીને ફરજમુકત કર્યા હોવાનું જણાવીને ન્યાય આપવાની માંગ કરેલ છે.


અમરેલી એક્સપ્રેસ

૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના

હરહંમેશ... સેવાકીય પ્રવૃતિઓને... પ્રોત્સાહિત કરનાર ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના
૧૫માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ
અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર
વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...

શુભેચ્છક

સિનિયર સિટીઝન્સ સોસાયટી અમરેલી છેલ્લા અઢાર વર્ષથી કાર્યરત છે,
જેમાં દર મહિનામાં વૈવિધ્યસભર કાર્યક્રમો યોજવામાં આવે છે અને
વડીલો દ્વારા ધાર્મિક, સામાજીક પ્રવૃતિઓનું આયોજન થાય છે.

શ્રી રવજીભાઈ કાચા – પ્રમુખ | શ્રી કનુભાઈ જોષી – જનરલ સેક્રેટરી | શ્રી તરૂલતાબેન વ્યાસ – જોઈન્ટ સેક્રેટરી
શ્રી જેરામભાઈ પટોળીયા – ખજાનચી | શ્રી ટોમભાઈ અગ્રાવત – સંગઠન મંત્રી | શ્રી ચંપકભાઈ પટેલ – પ્રવાસ મંત્રી

: કારોબારી સદસ્યશ્રીઓ :
શ્રી જગદીશભાઈ જોષી, શ્રી પુનીતભાઈ મહેતા, શ્રીમતિ વિજયા લક્ષ્મીબેન માને,
શ્રી દયમંતીબેન ત્રિવેદી, શ્રી ઉષાબેન રાવળ

સિનિયર સિટીઝન્સ સોસાયટી - અમરેલી


### ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં

# સા.કુંડલા પાલિકાની મળેલ સામાન્ય સભામાં બહુમતીથી વિવિધ ઠરાવો મંજુર

### પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીએ સૌનો આભાર માન્યો



સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા પાલિકા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ શહેર સંગઠનના માર્ગદર્શન હેઠળ મેહુલભાઈ ત્રિવેદીના અધયક્ષ સ્થાને સામાન્યસભાના ઠરાવો બહુમતીએ મંજુર કરવામાં આવેલ હતા.

સાવરકુંડલા નગર પાલિકાના નવનિયુકત પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને નગર પાલિકાના સભાખંડમાં સામાન્ય સભા મળેલ હતી આ સામાન્યસભામાં વિવિધ પ્રકારના વેરામાં વધારો કરવા આવ્યો હતો.

બીજો મુદ્દો જેસર રોડ અને ભુવારોડ બાયપાસ પાસે બે સર્કલ બનાવવામાં આવેલ જેમાં જન ભાગીદારીમાં ૮૦ અને ૨૦ ની યોજના મુજબ તે પણ ઠરાવ બહુમતીએ પસાર કરવામાં આવેલ હતો એટલે પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના પ્રથમ પ્રમુખપણાંમાં મળેલ સામાન્ય સભામાં ઠરાવો બહુમતીએ મંજુર થયેલ હતા. આ સામાન્ય સભામાં ઉપપ્રમુખ પ્રતિક નાકરાણી કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ દંડક અજયભાઈ ખુમાણ પક્ષનેતા જનકબેન કરસન ભાઈ આલ તેમજ વિવિધ સમિતિના ચેરમેનો, સદસ્યો , ચિફઓફીસર સહિત કર્મચારીઓ પણ આ સામાન્ય સભામાં ઉપસ્થિત રહેલ હતા.





## એક સમયે શહેરની શાન ગણાતો ''રાજમહેલ'' આજે દયનીય હાલતમાં

# અમરેલીનાં ''રાજમહેલ''ની હાલત નિહાળીને સૌ કોઇ દુઃખી

શહેરનાં જાણીતા ફોટોગ્રાફર ડી.જી. મહેતાએ અગાઉ અને વર્તમાન સમયની તસ્વીર મીડિયાને મોકલી

જો કે રાજમહેલનાં નવિનીકરણ માટે પ્રવાસન વિભાગે કરોડો રૂપિયાની ફાળવણી કરી હોય હાશકારો

રાજમહેલની યોગ્ય રીતે જાળવણી કરવામાં જવાબદાર વિભાગ સદંતર નિષ્ફળ સાબિત થયો છે તે હકીકત છે

કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ રાજમહેલ પોતાની ઓળખ પુનઃ સ્થાપિત કરવામાં સફળ થાય તે ઈચ્છનીય છે













અમરેલી, તા. ૧૯

અમરેલી શહેર નહી બલ્કે સમગ્ર જિલ્લાની શાન ગણાતા રાજમહેલની અગાઉ અને વર્તમાન સમયની તસ્વીર શહેરનાં જાણીતા ફોટોગ્રાફર ડી.જી. મહેતાએ "અમરેલી એકસપ્રેસ"ને મોકલી છે.

અમરેલીમાં ગાયકવાડનું રાજ હતું અને સમગ્ર વહીવટ રાજમહેલમાંથી કરવામાં આવતો હતો. આઝાદી બાદ રાજમહેલની જવાબદારી રાજય સરકારે સંભાળી અને તેમાં કલેકટર, ન્યાયાલય, પોલીસ અધિક્ષકની કચેરી કાર્યરત કરવામાં આવી અને ક્રમશઃ ન્યાય મંદિર, પોલીસ અધિક્ષક અને છેલ્લે કલેકટર કચેરીનું પણ ત્યાંથી અન્યત્ર સ્થળાંતર કરવામાં આવ્યું.

આશ્ચર્યની બાબત એ છે કે, જયાં સુધી ઉચ્ચ અધિકારીઓની કચેરી હતી ત્યાં સુધી નાનુ-મોટું રીપેરીંગ કામ થતું હતું પરંતુ છેલ્લા પાંચ-સાત વર્ષથી તેમની જાળવણી કરવાની કોઈએ દરકાર ન કરતાં વર્તમાન સમયમાં ''રાજમહેલ''ની હાલત નિહાળીને પુરાતન પ્રેમી શહેરીજનોમાં દુઃખની

અનુસંધાન પાના ૬ ઉપર

### યુવાનોને શરમાવે તેવી હરકત વૃધ્ધે કરી

## કૃષ્ણનગર-ધારી રૂટની બસમાં એક વૃધ્ધે યુવતીની છેડતી કર્યાની ઘટના બની

### ૧૮૧ અભયમ્ ટીમે વૃધ્ધને કાયદાનું જ્ઞાન કરાવ્યુ

અમરેલી, તા. ૧૯

અમરેલીમાં ગઈકાલ તારીખ ૧૮ ના રોજ વહેલી સવારના એક યુવતીએ ૧૮૧માં કોલ કરી જણાવેલ કે તેઓ કૃષ્ણનગર-ધારી બસમાં અમરેલી આવી રહ્યાં છે અને તેઓની બસમાં એક વ્યકિત તેણી સાથે ચેનચાળા કરે છે. જેથી તાત્કાલિક મદદની જરૂર છે. તેમ જણાવેલ હતું.

આથી આ માહિતી મળતાની સાથે જ તુરંતજ અમરેલી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમના કાઉન્સેલર પરમાર હીના, જીઆરડી મનીષાબેન માધાડ તથા પાયલોટ સંજયભાઈ મકાણી સ્થળ પર પહોચી ને આ પીડિત યુવતી સાથે વાતચીત કરી શાંત્વના આપી પરામર્શ

અનુસંધાન પાના ૬ ઉપર

### વન્ય પ્રાણીપ્રેમીઓએ વન વિભાગની કાર્યશૈલી સામે રોષ વ્યકત કર્યો

## લીલીયા પંથકમાં ફરતા વયોવૃદ્ધ સિંહની કાળજી લેવામાં વન વિભાગની નિષ્ક્રીયતા સામે નારાજગી

### દેશનાં ગૌરવ સમાન સિંહોની જાળવણી કરવી એ સૌની નૈતિક ફરજ છે

સાવરકુંડલા, તા. ૧૯

સિંહો દેશની આન બાન અને શાન ગણાય છે ને સિંહોની સુરક્ષાઓ પાછળ સરકાર કરોડો રૂપિયાના આંધણ થતું હોવાની પ્રતીતિ કરાવતો એક વિડીયો સોશીયલ મીડિયામાં ખૂબ વાયરલ થયેલો છે જેમાં શેત્રુંજી ડિવિઝન નીચે આવતું લીલીયાનું વનવિભાગ સરકારનો પગાર લઈને પગ વાળીને બેસી રહેતો હોવાની અનુભૂતિ આપતો એક વયોવૃદ્ધ ડાલા મથ્થો સિંહ શિકાર પણ કરી શકવાની અશકિત ધરાવતો થઈ ગયેલો છે છતાં લીલીયાનું વનવિભાગ સિંહ ભૂખ્યો મોતને ભેટે તેની રાહ જોઈ રહ્યો હોય તેવો ઘાટ ઘડાયો છે હાલ લીલીયા વિસ્તારમાં રખડતો ભટકતો ડાલામથ્થો સિંહ આશરે ૧૨ થી ૧૫ વર્ષનો હોય તેવું લાગી રહ્યું છે ને લીલીયાના ગામડાઓમાં મૃત

અનુસંધાન પાના ૬ ઉપર

### વન અધિકારીએ સિંહની સુરક્ષા બાબતે ખુલાસો કર્યો

લીલીયા વનવિભાગના આર.એફ.ઓ. ભરત ગલાણી એ જણાવ્યું હતું કે સિંહની ૧૨ થી ૧૩ વર્ષની ઉમર છે ને સાવરકુંડલા રેન્જ અને લીલીયા રેન્જમાં આ સિંહ અવર જવર કરે છે ને બે દિવસ પહેલા જનકભાઈ ખુમાણના પશુનું મારણ કર્યુ હતું ને તેની નોંધ પણ છે. જયારે વયોવૃદ્ધ માનવીઓ થાય તેના પણ દાંત પડી જતાં હોય છે આ તો પશુ કહેવાય. જયારે વનવિભાગના કર્મીઓના બચાવ કરવાની કોઈ વાત નથી પણ મારણનો કેસ પણ કર્યો છે તેમ વનવિભાગના અધિકારીએ જણાવ્યું હતું.

## હિંડોરણા ખાતે વ્હેલી સવારે ટ્રકમાંથી ડીઝલની ચોરી

અમરેલી, તા. ૧૯

ખાંભા તાલુકાના ગોરાણા ગામે રહેતા અને ખાનગી નોકરી કરતાં કાળુભાઈ લખમણભાઈ વાઘ નામના ૩૫ વર્ષિય યુવકની હિંડોરણા ગામે, જુની કાતર ગામ તરફ જવાના રસ્તે આવેલ માલિકીની જગ્યામાં ગત તા. ૧૬ના વહેલી સવારના સાડા પાંચથી છ વાગ્યાના સમયે તથા તા. ૧૭ના રોજ શરૂ રાત્રીના ત્રણ વાગ્યાથી વહેલી સવારના છ વાગ્યા સુધીના સમયે યુવકની માલીકીની જગ્યામાં પ્રવેશ કરી એક પેન્ટ-શર્ટ પહેરેલ અને મોઢે કપડુ બાંધેલ અને પોતાનો ચહેરો છુપાવેલ આશરે ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરવાળો અજાણ્યો પુરૂષ ચોર ઈસમે યુવકની ચામુંડા બોડી વકર્સ નામની ગેરેજે પડેલ નરેશભાઈ ભનુભાઈ વસોયાના ટ્રક નં. જી.જે.-૧૨ એયુ-૮૦૫૪ ટ્રકની ડીઝલ ટેન્કમાંથી આશરે લીટર ૧૨૫ તથા ચંપુભાઈ ધાખડાના ટ્રક નં.

અનુસંધાન પાના ૬ ઉપર









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)